જુનામાં જુનુ એટલે.. ઇબ્રાહીમભાઇનું
ઝનકાર બ્રાસ બેન્ડ
લેડીજ તેમજ જેન્ટસ સીંગર સાથે
-: સરનામું :-
ચાંદની ચોક, અમરેલી
ઝનકાર બ્રાસ બેન્ડ
સંપર્ક : મો.૯૯૨૫૪ ૬૪૪૬૭ / ૮૭૫૮૩ ૧૪૩૦૪

અમરેલી અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું દૈનિક
R.N.I.N.70053/99, Postal Reg.No.AMR/69/ Validup to 2021-23
સત્યમેવ જયતે
AVADH TIMES DAILY
સૌરાષ્ટ્ર આવૃતિ
પાના ૮ કિંમત છુટક નકલ રૂા.૩-૦૦
તા.૦૧-૧૨-૨૦૨૪ રવિવાર

# અવધ ટાઇમ્સ

ફોન :- (૦૨૭૯૨)-૨૨૩૮૯૬,૨૨૪૮૯૬,૨૩૨૪૯૯/૨૨૪૧૧૫/ ફેક્સઃ ૨૨૦૧૫૫/૨૨૪૯૪૭
Website: www.avadhtimes.net, E-mail: avadhtimes@gmail.com,news@avadhtimes.net,

Sheetal
ANY TIME TASTY
Noodles
© 73000 51000

તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : ભરત ડી.ચૌહાણ, અવધ ઓફસેટ,અમરપુર (વરૂડી),અમરેલીથી છાપીને અવધ ટાઇમ્સ કાર્યાલય, હેડ પોસ્ટ ઓફિસ સામે,અમરેલીથી પ્રસિધ્ધ કર્યુ. સહતંત્રી : વિજય ડી.ચૌહાણ સં.૨૦૮૧ કારતક વદ ૧૫ વર્ષ : ૩૦ અંક ૮૯

# અમરેલી સહિત સૌરાષ્ટ્રભરમાં પવનનાં સુસવાટા સાથે ઠંડીનો પ્રારંભ



અમરેલી,

અમરેલી સહિત સૌરાષ્ટ્રભરમાં પવનનાં સુસવાટા સાથે ઠંડી વધી હતી. સવારનાં સમયે ઠંડીનું પ્રમાણ વધતા જનજીવનને નહિવત અસર જોવા મળી હતી. લઘુતમ તાપમાનનો પારો સ્થિત રહ્યો હતો. રાજ્યમાં અચાનક ઠંડીમાં વધારો થતા લોકોએ તાપણા શરૂ કર્યા હતાં અને ગરમ વસ્ત્રોનો સહારો લીધો હતો. સૌથી ઓછુ તપામાન વડોદરા, નલીયામાં રહ્યું હતું.

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
૬૮,૨૦૦/-
(૧૦ ગ્રામ)
રહેલ તા.૩૦-૧૧-૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઇવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬.

આપની સેફ્ટી તેમજ આરામદાયક મુસાફરીએ જ અમારૂ લક્ષ્ય
સૌથી ઓછા રેટમાં
હુંડાઇ અલ્કઝાર...(૭ સીટર)
ઈનોવા ક્રિસ્ટા...(૭ સીટર)
મારૂતી અર્ટીગા...(૭ સીટર)
મારૂતી બ્રેઝા...(૪ સીટર)
હુંડાઇ વરના...(૪ સીટર)
હુંડાઇ ક્રેટા...(૪ સીટર)
A/C NON A/C
જય માતાજી ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ
ધવલભાઈ મકવાણા - મો. ૯૯૦૪૦ ૨૫૧૭૮
ગોવિંદભાઈ મકવાણા - મો. ૯૪૨૭૯ ૩૫૨૮૦,
ઓનલાઇન બુકિંગ માટે :- jaymatajitourandtravel.com

કેન્સર ને લગતા રોગોના નિષ્ણાંત અમરેલીમાં
ડૉ દેબાદીસી પ્રધાન
તારીખ : 05/12/2024
OPD

બાહરીન (ગલ્ફ) માં જોઇએ છે
ઘર કામ માટે બહેન જોઇએ છે
સેલેરી : ૩૦,૦૦૦/-
આવવા જવાનો ખર્ચ, વીઝા, રહેવું, જમવું સહિતનો ખર્ચ અલગથી અપાશે.
સંપર્ક :- +૯૭ ૩૩ ૯૪ ૬૪ ૦૪૨

Aikyam
એકયમ ન્યુરો સાઇકિયાટ્રી હોસ્પિટલ
ઇમરજન્સી સારવાર ૨૪ કલાક ઉપલબ્ધ..
ડૉ. વિવેક જોષી
M.B.(Psy) D.P.M., F.I.P.S., M.I.A.P.P.
કન્સલ્ટીંગ ન્યુરો સાઇકીયાટ્રીસ્ટ
મગજ, માનસિક રોગો, જાતિય નબળાઇ તથા વ્યસન મુક્તિનાં નિષ્ણાંત...
: લક્ષણો :
•ઉદાસી રોગ •ચિંતા - ટેન્શન
•મરવાના વિચાર આવવા •માથાનો દુઃખાવો
•વિચારવાયુ •જાતિય રોગો
•વહેમ, શંકા •વ્યસનમુક્તિ :
•મંદબુધ્ધિ બાળકોની સારવાર દારૂ, બીડી, તમાકુ, ફાકા
સ્થળ : પરમ કોમ્પલેક્ષ, બીજા માળે, ICICI બેંક પાસે, બસ સ્ટેશન રોડ, અમરેલી.
Mo.97370 28181 । Ph. 02792 - 224224
મગજના ગ્રાફ (E.E.G.) ની સુવિધા ઉપલબ્ધ...

POLO PLUS
પોલો પ્લસ
CONTAINERS
અમને ગૌરવ છે, કે અમે ગુજરાતી છીએ
અમે સસ્તી નહીં
શ્રેષ્ઠ પ્રોડક્ટ બનાવીએ છીએ...
100 - 150
200 - 300
લીટર માં ઉપલબ્ધ
100% ફૂડ ગ્રેડ મટીરીયલ
500 થી 10000 લીટર ની વિશાળ રેન્જ માં ઉપલબ્ધ
9 YEAR WARRANTY
14 વર્ષ ની ગેરંટી
વધુ વિગત માટે સંપર્ક કરો
મો. ૯૯૦૯૬ ૦૯૬૯૬

Sheetal
₹479/-
₹350/-
Chhole Puri Combo
1 Chole Puri + 1 Dahi Puri + 2 Masala Chaas + 2 Tripple Sundae
Offer Valid : 23-11-2024 to 15-12-2024
શીતલ આઇસ્ક્રીમ પાર્લર - રેસ્ટોરેન્ટ
S.T. બસ સ્ટેન્ડ સામે, અમરેલી. સમય : સવારે 10:00 થી રાત્રે 11:00

गृह मंत्रालय
MINISTRY OF HOME AFFAIRS
Indian Cyber Crime Coordination Centre
Working Together With Vigour

Q. શું વીડિયો કોલ પર
તમારી ધરપકડ થઇ શકે છે ?

જવાબ ક્યારેય નહી
ફોન કોલ્સ દ્વારા તમને પાર્સલમાં ગેરકાયદે સામાન અથવા અન્ય ગેરકાયદેસર પ્રવૃતિઓમાં સામેલ થવાની ધમકી આપવામાં આવે છે.
નકલી પોલીસ અધિકારી તમને વીડિયો કોલ પર રહેવા દબાણ કરે છે.
તમને ડરાવવામાં આવે છે અને તમારી પાસેથી પૈસા પડાવવામાં આવે છે અથવા તમને હેરાન કરવામાં આવે છે.

સાવચેત રહો
સીબીઆઇ, પોલીસ અથવા કોર્ટના જજ તમને ધરપકડ કરવા માટે ક્યારેય કોલ કે વીડિયો કોલ પર તમારો સંપર્ક કરશે નહી.

CBC 19101/13/0022/2425
માહિતી આપતા પહેલા કૃપા કરીને તમારી ઓળખ તપાસો
૧૯૩૦ પર કોલ કરો અથવા
www.cybercrime.gov.in પર ફરિયાદ દાખલ કરો
થોભો વિચારો પગલા ભરો
વધુ માહિતી માટે
સાયબરદોસ્તને ફોલો કરો

## ફરિયાદો ઉઠતા અમરેલી જિલ્લા શિક્ષણાધિકારીશ્રી દ્વારા રદ કરાયેલી

# કુંડલાની ત્રણેય શાળાઓની માન્યતા રદ રાખવા સમીતીની ભલામણ

### રાજુલા તાલુકા શિક્ષણાધિકારીની અધ્યક્ષતામાં શ્રી ભરતભાઇ ચૌહાણ, શ્રી ઉદયભાઇ દેસાઇ, શ્રી પ્રવિણભાઇ સાવજની સમીતીએ સ્થળ તપાસ કરી

### કુંડલાની રાજ એકેડમી પ્રાથમિક શાળા અને મનીષા ખાનગી પ્રાથમિક શાળા બંધ હાલતમાં મળ્યા ત્રીજી શાળા પણ જર્જરીત હાલતમાં જોવા મળી





અમરેલી,(ફીલ્ડરિપોર્ટર)સાવરકુંડલાની ત્રણ શાળાઓની રદ થયેલી માન્યતા અંગે સરકાર દ્વારા નિમાયેલી સમિતિએ તપાસ કરતા બે શાળાઓ બંધ હાલતમાં જોવા મળી હતી જયારે એક શાળા પણ નિયત માપદંડ પ્રમાણે જોવા ન મળતા સમીતીએ પોતાનો અહેવાલ ભલામણ સાથેજિલ્લાપ્રાથમિકશિક્ષણાધિકારીતરફ મોકલી આપ્યો હતો.આ અંગેની વિગતો એવા પ્રકારની છે કે, સાવરકુંડલામાં ત્રણ શાળાઓની માન્યતા રદ કરવા જિલ્લા પ્રાથમિકશિક્ષણઅધિકારીની કચેરીદ્વારા હુકમ થયો હતો આ અંગે અમરેલી જિલ્લા પ્રાથમિકશિક્ષણાધિકારીશ્રી દ્વારા તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી રાજુલા શ્રી હિનાબેન ચૌહાણની અધ્યક્ષતામાં અવધ ટાઇમ્સના તંત્રી શ્રી ભરતભાઈ ચૌહાણ, શિક્ષણ શાસ્ત્રી શ્રી ઉદયભાઈ દેસાઈ, સાવરકુંડલા સદભાવના ગ્રુપના શ્રી પ્રવીણભાઈ સાવજની સમિતિની રચના કરી હતી.આ સીમીતીએ સાવરકુંડલાની ઘનશ્યામ મહારાજ પ્રાથમિક શાળા રાજ એકેડમી પ્રાથમિક શાળા અને મનીષા ખાનગીપ્રાથમિકશાળાની મુલાકાત લીધી હતી જેમાં રાજ એકેડમી અને મનીષા પ્રાથમિકશાળા બંધ હાલતમાં જોવા મળી હતી અને તેનું રેકર્ડ પણ ઉપલબ્ધ ન હોય તેનું રોજ કામ કરાયું હતું.જ્યારે ઘનશ્યામ મહારાજ ખાનગી પ્રાથમિક શાળા ની તપાસ કરવામાં આવતા આ શાળા કાર્યરત હતી પણ તેમાં શાળાના રૂમ નિયત માપદંડ પ્રમાણે ન હોવાનું અને શાળાનું બિલ્ડીંગ જર્જરીત હોવાનું જણાઈ આવ્યું હતું તથા શાળાના સાત પૈકી ચાર શિક્ષકો રજા ઉપર હતા અને તેમાં લાયકાત ધરાવતા શિક્ષકો ન હોવાનું સામે આવતા આ શાળાઓની માન્યતા ચાલુ ન રાખી શકાય તેવો અભિપ્રાય સમિતિએ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ને મોકલી આપ્યો હતો.

## અમરેલીમાં એડીએનપી પ્લસ દ્વારા વિશ્વ એઇડસ દિનની ઉજવણી કરાઇ

### શાંતાબા મેડિકલ કોલેજ અને જનરલ હોસ્પિટલમાં કાર્યક્રમ યોજાયો

અમરેલી,

અમરેલી ડીસ્ટ્રીક નેટવર્ક ઓફ પીપલ લીવીંગ વિથ એચ.આઈ.વી. એઇડ્સ સાથે લોકોના સંગઠનની સ્થાપના તારીખ ૦૬-૦૧-૨૦૦૫ તારીખના રોજ કરવામાં આવી. આ સંસ્થા એચ.આઈ.વી. એઇડ્સ સાથે જીવતા લોકો માટે કામ કરે છે. આ સંસ્થા હાલમાં સમગ્ર પ્રોજેકટ ચાલે છે તે ગુજરાત સ્ટેટ નેટવર્ક ઓફ લીવીંગ વિથ HIV AIDS ના ટેકનીકલ સહયોગથી સંકલનથી કામ કરે છે. અમરેલી ડીસ્ટ્રીક નેટવર્ક ઓફ પીપલ લીવીંગ વિથ એચ.આઈ.વી. એઈડ્સ એ HIV સાથે જીવતા લોકોના જીવનમાં સુધારો લાવવો અને તેને કેર એન્ડ સપોર્ટ સેન્ટર ની તમામ સુવિધાઓ આપવામાં આવે છે.

તેમાં ખાસ કરીને LFU/ MIS કેસ ટ્રેકબેક, સપોર્ટ ગ્રુપ મીટીંગ, અને કાઉન્સેલિંગ એકટીવીટી, HIV ટેસ્ટીંગ, તેમનું સતત ફોલોઅપ, તમામ સહાય જેમાં તબીબી સહાય, શિષ્યવૃત્તિ વગેરે આપવાનો પ્રયત્ન કરવામાં આવે છે. અમરેલી ડીસ્ટ્રીક નેટવર્ક ઓફ પીપલ લીવીંગ વિથ એચ.આઈ.વી. એઇડ્સ સંસ્થામાં હાલ ૨૩૪૦ HIV લોકો રજીસ્ટર થયેલ છે. અને તેમને સેવા આપવાનો જીલ્લા કક્ષા એ પ્રયાસ કરવામાં આવે છે.

ઉપરોક્ત વિષય અનુસંધાન જણાવવાનું કે ૧લી ડીસેમ્બર વિશ્વ એઇડ્સ દિવસ નિમિતે એ.ડી.એન.પી+ સંસ્થા દ્વારા સાપ્તાહિક કાર્યક્રમ નું આયોજન કરવામાં આવવાનું હોવાથી આજ રોજ તારીખ ૩૦-૧૧-૨૦૨૪ ના રોજ એ.ડી.એન.પી+ સંસ્થા દ્વારા વિશ્વ એઇડ્સ દિવસની ઉજવણી શાંતાબા મેડીકલ કોલેજ અને જનરલ હોસ્પિટલ માં એ.આર.ટી સેન્ટરમાં કરવામાં આવેલ હતી. જેમાં મુખ્ય મહેમાનો માં મેનેજમેન્ટ માંથી દિનેશભાઈ, મેડીકલ સુપ્રિટેન્ડેન્ટ ડો.જીતીયા, સી.ડી.એમ.ઓ ડો ધારા મેડમ, નોડલ ઓફિસર શ્રી ડો સતાણી સાહેબ, એ.આર.ટી મેડીકલ ઓફિસર શ્રી ડો. કોમલ મેડમ તથા એ.આર.ટી ટીમ, ICTC,STI ટીમ જીલ્લા ટીબી વિભાગ અને એ.ડી.એન.પી.+ સંસ્થાના પ્રતિનિધિ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં ખાસ કરીને આ કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાનો ને રેડ રીબીન બાંધવી, સાથે એચ.આઈ.વી ના લીધે મૃત્યુ પામેલ લોકોને શ્રધાંજલિ આપવામાં આવેલ હતી. સાથે તેમાં આજની થીમ Take the Right Path 'My Health My Right વિષે માહિતી આપવામાં આવેલ હતી.તેમ જીજ્ઞાબેન દ્વારા જણાવાયું છે.

## અમરેલી જિલ્લા ભાજપ સંગઠન પર્વના આગેવાનો સારહિ તપોવનની મુલાકાતે

### સારહિ તપોવન આશ્રમની વિગતો મેળવી શ્રી મુકેશ સંઘાણીને બિરદાવી અભિનંદન પાઠવ્યા



અમરેલી,

તા. ૨૬-૧૧-૨૦૨૪ નાં રોજ અમરેલી જિલ્લા ભાજપ સંગઠન પર્વ ૨૦૨૪ ચૂંટણી અધિકારી શ્રી રાજુભાઈ શુક્લ, તથા સંગઠન પર્વ સહ ચૂંટણી અધિકારી શ્રી રાજુભાઈ બાંભણીયા, એ સારહિ યુથ કલબ ઓફ અમરેલી સંચાલિત સારહિ તપોવન આશ્રમ ની શુભેચ્છા મુલાકાત કરેલ, અને સંસ્થાની સેવાકીય પ્રવૃતિઓ વીશે માહીતી મેળવી, સંસ્થા ની પ્રગતિ અંગે સારહી તપોવન આશ્રમ નાં સ્વપ્ર દ્રષ્ટા - પ્રમુખ શ્રી મુકેશભાઈ સંઘાણી અને સમગ્ર સારહી પરિવાર ને શુભકામનાઓ પાઠવી. આ તકે શહેર ભાજપ પ્રમુખ શ્રી ભાવેશભાઈ સોઢા, મહામંત્રી શ્રી રાજેશભાઈ માંગરોળીયા, શ્રી રિતેષભાઈ સોની સહીત ના પદાધિકારી શ્રી ઉપસ્થિત રહેલ. સારહિ પરિવાર વતી હૃદય પૂર્વક આભાર માનવામાં આવ્યો હતો.

### બાબરા ગામની ઘટનામાં પાલીતાણાના યુવાન સામે ફરિયાદ

## બાબરામાં માગું લઈને ગયેલા યુવાનને સગાઈની ના પાડતા સગીરાને ભગાડીને લઈ ગયાની ફરિયાદ

### દીકરી માત્ર ૧૬ વર્ષની હોય પરિવારે સગાઈની ના પાડતા ભગાડી ગયો

અમરેલી,

બાબરામાં ૧૬ વર્ષની સગીરાને પાલીતાણા નો યુવાન ભગાડીને લઈ ગયા ની ફરિયાદ પોલીસમાં નોંધાય છે.

આ બનાવ અંગે વર્ષની સગીરાના પિતાએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે પાલીતાણાના ગારીયાધાર રોડ ઉપર રહેતો નકુલ પીન્ટુભાઈ નૈયા નામનો શખ્સ તેમની દીકરીનું માગુ લઈને આવ્યો હતો પરંતુ દીકરીની ઉંમર નાની હોવાથી સગાઈની ના પાડી હતી અને તારીખ ૨૫ ના નકુલ તેની સગીર દીકરીને બાબરા થી ભગાડી ગયો હતો ૧૧મા ધોરણમાં અભ્યાસ આ સગીરાના અપહરણનો ગુનો નોંધી બાબરાના પીઆઈ શ્રી ડી કે વાઘેલાએ આરોપીને શોધી કાઢવા તજવીજ હાથ ધરી છે.

---

**શ્રી ચિત્રાસર પ્રાથમિક શાળા, તા.જાફરાબાદ, જી.અમરેલી**

**-:: જાહેર હરરાજી ::-**

આથી જાહેર કરવામાં આવે છે કે, શ્રી ચિત્રાસર પ્રાથમિક શાળા તા.જાફરાબાદ ખાતે જુની શાળા જે ગામની મધ્યે આવેલી છે. જેમાં એક ઓરડો સ્લેબવાળો અને એક નળીયાવાળુ મકાન આ બે ઓરડા જે સ્થિતીમાં છે તે જ સ્થિતીમાં જાહેર હરરાજી તા.૦૫-૧૨-૨૦૨૪ ને ગુરૂવારના રોજ ૧૦:૦૦ કલાકે શાળામાં રાખેલ છે. તો રસ ધરાવતી પાર્ટીઓએ પથ્થર, બારીઓ, દરવાજા, નળીયા વગેરે ખસેડી આવેલ બે રૂમ ભોયતળીયા સુધી ચોખ્ખુ કરવાની જવાબદારી સ્વીકારવાની રહેશે. હરરાજીમાં ભાગ લેનારે સ્થળ પર રૂા.૧૦૦૦/- અંકે રૂપીયા એક હજાર પુરા ડિપોઝીટ પેટે ભરવાના રહેશે. જે હરરાજીમાં ભાગ લેનારે માન્ય રાખવાની હરરાજીની અન્ય શરતો રૂબરૂ સ્થળ પર વાંચી સંભળાવવામાં આવશે.

નોંધ : ઇમલાની અપસેટ પ્રાઇઝ રૂા.૧૧૮૦૦/-

| અધ્યક્ષશ્રી | આચાર્યશ્રી |
|---|---|
| એસ.એમ.સી. ચિત્રાસર | શ્રી ચિત્રાસર પ્રાથમિક શાળા |
| તા.જાફરાબાદ, જી.અમરેલી | તા.જાફરાબાદ, જી.અમરેલી |

---

**-:: જાહેર ચેતવણી ::-**



આથી હું નીચે સહી કરનાર જશવંતરાય મનમોહનદાસ દોશી રહે.રાજુલા, જી.અમરેલી વાળા જાહેર કરૂ છુ કે અહીં દર્શાવેલ તસ્વીરવાળો મારો પુત્ર રાકેશ જશવંતરાય દોશી છેલ્લા ૧૮ વર્ષથી મુંબઇ રહે છે અને હું પોતે એકલો રાજુલા મુકામે રહુ છુ અને મારી પોતાની મિલ્કતમાં રહુ છુ અને હું મારૂ ભરણ પોષણ મારી જાતે જ કરૂ છુ. મે તા.૫-૭-૨૦૧૪ માં રજીસ્ટર વીલ કરેલ હતુ તે વીલ મેં ૨૯-૧૧-૨૦૨૪ માં રજીસ્ટરથી કેન્સલ કરેલ છે. મારી મિલ્કત એટલે કે દુકાન તથા મકાન તથા કોઇપણ બેંક બેલેન્સમાં તેનો કોઇ હક્ક હિસ્સો રહેતો નથી. રાકેશ જશવંતરાય દોશી સાથે કોઇપણ જાતનો વ્યવહાર કરવો નહી અને જો કોઇએ કરેલ હશે તો મારી કોઇપણ જાતની જવાબદારી રહેશે નહી જેની લાગતા વળગતા તમામે નોંધ લેવી.

તા.૩૦-૧૧-૨૦૨૪ લી. જશવંતરાય મનમોહનદાસ દોશી રહે.રાજુલા, જી.અમરેલી મો.+૯૧ ૯૦૨૩૪ ૯૨૭૬૬

---

**મામલતદાર અને તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ કચેરી - બગસરા**

જન્મ/મરણ રજી.નં.૩૧/૨૪........................................તા.૨૭-૧૧-૨૦૨૪

અરજદાર :- શ્રી રાધાબેન ડો/ઓ ભીમજીભાઇ ધોકડીયા રહે.અમરાપરા, તા.બગસરા

અરજદારના વિ.વ.શ્રી : મેહુલભાઇ એન. રાઠોડ રહે.કુંકાવાવ - વડીયા

વિરૂધ્ધ સામાવાળા :- જન્મ મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી નગરપાલિકા બગસરા

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના બગસરા તાલુકાના રહીશ શ્રી રાધાબેન ડો/ઓ ભીમજીભાઇ ધોકડીયાએ તેમના પતિ શ્રી રામજીભાઇ દાફડાનું મૃત્યુ તા.૨૩-૦૩-૨૦૦૩ ના રોજ બગસરા તાલુકાના બગસરા મુકામે થયેલ હોવાની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો આ કામના અરજદારશ્રીના પતિની મરણ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઇને પણ વાંધો તકરાર હોય તો તેમણે જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૯-૧૨-૨૦૨૪ ના રોજ ૧૨:૦૦ કલાક સુધીમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી.

કોર્ટનો સિક્કો

તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
બગસરા

---

**એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી**

અપીલ રજી. નં. ૧૦૬-૨૦૨૪

અરજદાર : શ્રી જગાભાઇ ઉર્ફે જગુભાઇ બેચરભાઇ માધડ રહે.દેવભુમી દેવળીયા, તા.જી.અમરેલી

સામાવાળા : તલાટી કમ મંત્રી દેવભુમી દેવળીયા ગ્રામ પંચાયત તા.જી.અમરેલી

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના દેવભુમી દેવળીયા ગામના જગાભાઇ ઉર્ફે જગુભાઇ બેચરભાઇ માધડે તેઓના પુત્રી વિમળાબેન જગુભાઇ માધડનો જન્મ તા.૦૧-૧૨-૧૯૮૧ ના રોજ થયેલ હોવા ની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળા ના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઇને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાન પત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૨૮-૧૧-૨૦૨૪ ના રોજ મારી સહિ તથા કોર્ટના સીક્કા કરી આપ્યા

કોર્ટનો સિક્કો

એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય

---

**-:: જાહેર હરરાજી ::-**

**શ્રી વાંકિયા પ્રાથમિક શાળા તા.બાબરા, જી.અમરેલી**

આથી રસ ધરાવતા ઇસમોને જાહેર નિવેદન કરવામાં આવે છે કે, શ્રી વાંકિયા પ્રાથમિક શાળા ખાતે નવ (૯) રૂમો જેમ છે તે સ્થિતીમાં જર્જરીત રૂમોની ફક્ત ઇમલાની જાહેર હરરાજી આગામી તારીખ : ૦૭-૧૨-૨૦૨૪ ને શનિવારના રોજ બપોરે ૨:૦૦ કલાકે શાળાના મેદાનમાં રાખેલ છે. તો રસ ધરાવતા ઇસમોએ શરતોને આધિન સ્વખર્ચે હરરાજીમાં ભાગ લેવા જાહેરાત કરવામાં આવે છે. શાળાના મેદાન લેવલ પ્રમાણે ચોખ્ખો પ્લોટ કરવાનો રહેશે. હરરાજીમાં બોલી બોલનારે રૂા.૨૦૦૦/- ડિપોઝીટ ભરવાની રહેશે. અને વર્ક ઓર્ડર મેળવનારે હરરાજીની ૪૦% રકમ સ્થળ ઉપર જમા કરાવવાની રહેશે. તથા શરતો અને નિયમો સ્થળ ઉપર રૂબરૂ સંભળાવવામાં આવશે.

લી.શાળા વ્યવસ્થાપન સમિતિ, શ્રી વાંકિયા પ્રાથમિક શાળા, તા.બાબરા

---

**-:: જાહેર નોટીસ ::-**



અમો લખી આપનાર શ્રી યુનુસભાઇ ઉમરભાઇ અગવાન રહે.બાબરા ઠે. કરીયાણા રોડ, તા.બાબરા, જી.અમરેલી વાળા આ જાહેર જનતા જોગ આ જાહેર નોટીસ આપીએ છીએ કે,

અમોનો પુત્ર સમીરભાઇ યુનુસભાઇ અગવાન તે અમોનો પુત્ર થાય છે તેઓ છેલ્લા છ માસથી કહયામાં નથી. અમો સાથે સબંધ વ્યવહાર નથી જેઓને અમારી સ્થાવર જંગમ મિલ્કતમાં હક્ક હિસ્સો રહેશે નહી. જેથી કોઇએ અમારા નામે સમીરભાઇ સાથે આર્થિક, નાણાકીય, સ્થાવર જંગમ મિલ્કત સબંધે કે અન્ય કોઇપણ પ્રકારનાં વ્યવહાર કરવા નહી તેમ છતા પણ જેઓ સાથે કોઇના દ્વારા કોઇપણ વ્યવહારો કરવામાં આવશે તો તે અંગેની તમામ જવાબદારી વ્યવહાર કરનારની રહેશે.

લી.યુનુસભાઇ ઉમરભાઇ અગવાન
રહે.બાબરા, ઠે.કરીયાણા રોડ, તા.બાબરા મો.૯૯૭૪૯ ૬૧૯૯૪

---

**બાબરા નગરપાલિકા - બાબરા જિ. અમરેલી**

**ઓનલાઇન જાહેર નિવિદા**

આથી બાબરા નગરપાલિકાને, બાબરા, જિ. અમરેલીને સરકારશ્રી દ્વારા મંજુર થયેલ સને ૨૦૨૧-૨૨ વર્ષની સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના (યુડીપી-૮૮) બચત રકમ અંતર્ગત નીચે મુજબની વિગતે કામગીરી કરવવા માટે ઓનલાઇન ટેન્ડર મંગાવવામાં આવે છે.

| | |
|---|---|
| કામનું નામ:- વૉર્ડનં. ૩, કોમન પ્લોટ, વેલનાથ સોસાયટીમાં કમ્પાઉન્ડ વોલ બનાવવાનું કામ. | |
| અંદાજીત રકમ રૂા. ૬.૮૪ લાખ | કામની સમય મર્યાદા: ૩-માસ |
| ઈ.એમ.ડી. રૂા. ૭,૦૦૦/- | ટેન્ડર ફી: રૂા. ૯૦૦/- |
| વેબસાઇટનું નામ: | www.tender.nprocure.com |
| ઓનલાઇન ટેન્ડર ડાઉનલોડ તથા જરૂરી ડોયુમેન્ટ અપલોડ માટેની છેલ્લી તારીખ તથા સમય ૧૬/૧૨/૨૦૨૪નારોજ ૧૮.૦૦ કલાક સુધી | |
| ફકત ઓરીજનલ ટેન્ડર ફી અને ઇ.એમ.ડી.પહોંચતા કરવાની તારીખ, સમય તથા સરનામું ૨૩/૧૨/૨૦૨૪ના ૧૫.૦૦ કલાક સુધીમાં ચીફ ઓફિસર, બાબરા નગરપાલિકા, મું.બાબરા, જિ. અમરેલી. | |
| ટેકનીકલ બિડખોલવાની તારીખ: | ૨૪/૧૨/૨૦૨૩, ૧૨.૦૦ કલાકે |
| પ્રાઇસ બિડ ખોલવાની તારીખ: | ૨૪/૧૨/૨૦૨૩, ૧૨.૩૦ કલાકે |
| કામ અંગે વધારે માહિતી તેમજ ટેન્ડર ડાઉનલોડ તથા અપલોડ માટે ઉપરોકત જણાવેલ વેબસાઇટ ઉપર જોવા વિનંતી સદર કામ અંગેના તમામ હકક અધિકાર નગરપાલિકાને અબાધિત રહેશે. | |

| ચીફ ઓફિસર | પ્રમુખ |
|---|---|
| બાબરા નગરપાલિકા | બાબરા નગરપાલિકા |

જિઆક | ૯તમર | જાર૨|૨જ

---

**ધારી તાલુકાનાં મોજે જુના ચરખા ગામનાં રેવ.સર્વે નં.૧૦૪ પૈકી ૨ ની ખેતીની જમીન બાબતે જાહેર નોટીસ**

અમરેલી જીલ્લાનાં ધારી તાલુકાનાં મોજે જુના ચરખા ગામનાં રેવન્યુ દફતરે ૮-અ ના ખેડ ખાતા નં.૧૮૧ ની વિગતે આવેલ રેવ. સર્વે નં.૧૦૪ પૈકી ૨ ની કુલ હે. ૨-૦૧-૩૯ ચો.મી. ખેતીની જમીન સ્થાવર મિલ્કતનાં (૧) શાંતાબેન શંભુભાઇ વીરાણી તથા (૨) કંચનબેન પરશોતમભાઇ વીરાણી, તથા (૩) દીનેશભાઇ પરશોતમભાઇ વીરાણી કાયદેસર મજમુ માલીક અને સંયુક્ત કબજેદાર છે. આ ખેતીની જમીન મારા અસીલ ખરીદ કરવા માંગે છે. સબબ, આ જાહેર નોટીસથી લાગતાં વળગતાં સર્વે સબંધીતોને જાણ કરવામાં આવે છે કે, સદરહું લખી વિગતની મિલ્કત બાબતે સબંધીત મિલ્કત ઉપર અન્ય કોઇ વ્યક્તિ, સરકારી કે અર્ધ સરકારી સંસ્થા, બેંક, મંડળી વિગેરેનું કાંઇ પણ લેણું, બોજો, ચાર્જ, અગ્રહક્ક કે અધિકાર કે અન્ય કોઇપણ રીતે હક્ક, હીસ્સો, અધીકાર કે સુખાધિકાર વિગેરે હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ-૧૫ (પંદર) માં જરૂરી લેખીત આધાર સાથે નીચેનાં સરનામે વાંધા તકરાર રજુ કરવાં, મુદત દરમ્યાન જો કોઇપણ તરફથી વાંધા તકરાર રજુ નહી થાય તો આ મિલ્કતમાં કોઇનો કાંઇપણ લાગ-ભાગ, હક્ક, હિત કે હિસ્સો તેમજ અધિકાર નથી, અગર તો હક્ક અધિકાર જતા / વેવ કરેલ છે. તેમ માની મારા અસીલ સદરહું મિલ્કતનું ચુકતે અવેજ ચુકવી અને પ્રત્યક્ષ કબ્જો સંભાળીને પાકો વેંચાણ દસ્તાવેજ કરાવી લેશે. મુદત બહારનાં વાંધા તકરાર મારા અસીલને બંધનકર્તા નથી. તેની સર્વેએ નોંધ લેવી.

તા.૩૦-૧૧-૨૦૨૪
એડવોકેટ & નોટરી
લત્તાબેન પી.પટેલ
હર્ષ એસ.પટેલ
૧૩, દિનશા પાર્ક, કોર્ટ સામે, જેતપુર
સંપર્ક :- ૮૪૬૦૦ ૦૪૮૯૩

લત્તાબેન પી.પટેલ
એડવોકેટ & નોટરી
તે મારા અસીલની સુચના મુજબ

---

**શ્યામ આંખની હોસ્પિટલ**

ડૉ. કપિલ બી. વરૂ
એમ.એસ. (ઓપ્થેલ.)
ફેલો મેડિકલ રેટિના

મોતિયા, ઝામર અને પડદાના રોગોના નિષ્ણાંત

: મેઈન બ્રાન્ચ :
સફારી પ્લાઝા, બીજો માળ, એંજલ સિનેમાની સામે, માણેકપરા, અમરેલી. મો. ૮૭૫૮૫ ૩૫૦૦૦

: અન્ય બ્રાન્ચ :

: બાબરા :
ઝાફરી કોમ્પ્લેક્ષ, નાના બસ સ્ટેશન, અમરાપરા રોડ, બાબરા. મો. ૮૨૩૮૩ ૦૬૦૦૦

: ધારી :
ખોડીયાર કોમ્પ્લેક્ષ, પટેલ વાડી ગેટની સામે, અમરેલી રોડ, ધારી. મો. ૮૨૩૮૩ ૦૭૦૦૦

: રાજુલા :
શિવશકિત શોપીંગ, બેન્ક ઓફ બરોડાની પાસે, કોહિનુર હોટલની સામે, જાફરાબાદ રોડ, રાજુલા. મો. ૭૪૩૪૮ ૦૮૦૦૦

: સાવરકુંડલા :
રિધ્ધિ સિધ્ધિ કોમ્પ્લેક્ષ, તાલુકા પંચાયત ઓફિસની સામે, મહુવા રોડ, સાવરકુંડલા. મો. ૮૨૩૮૬ ૦૯૦૦૦




AI ટેકનોલોજી | રિચાર્જેબલ | બ્લુટૂથ ટેકનોલોજી | વૉટરપ્રુફ | બેસ્ટ સાઉન્ડ કવૉલિટી | કિફાયતી કિંમત

વર્લ્ડકલાસ હીયરીંગ મશીન પર આકર્ષક ડીસ્કાઉન્ટ ઓફર

ગુજરાત સરકારના કર્મચારી / પેન્શનરો માટે ફ્રી હીયરીંગ મશીન ની યોજના માટે ખાસ મળો.

**અવતાર** સ્પીચ અને હિયરીંગ ક્લિનીક

એકસચેંજ ઓફર ઉપલબ્ધ

ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, જ્યુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ • સમય : સવારે ૧૦ થી ૨, સાંજે ૫ થી ૮ (રવિવારે બંધ)

AVADH TIMES DAILY
સત્યમેવ જયતે
અવધ ટાઈમ્સ
તા.૦૧-૧૨-૨૦૨૪ રવિવાર

# ભારતીય ન્યાયનીદેવીની એ મૂર્તિએ આંખેથી પાટા ખોલ્યા એનાથી તંત્રમાં શું ફેર પડવાનો?

બ્રિટિશ સંસ્થાનવાદનો વારસો ત્યજવા માટે નરેન્દ્ર ભાઈ, આદિત્યનાથ યોગી ભાઈ, અમિત ભાઈ અને નિર્મલા બેન અમુક વર્ષોથી જે યત્ન કરી રહ્યા છે તે નોંધનીય છે. પરંતુ તેમણે આણેલા દરેક ફેરફારો કેટલાં યોગ્ય છે કે મૌલિક છે તે તટસ્થપણે વિચારવું રહ્યું. આંખે કાળી પટ્ટી બાંધેલી ન્યાયની દેવીની શ્વેત પ્રતિમાને આપણે ઘણી વખત જોઈ છે. કોર્ટમાં જવાનું થયું હોય તો ત્યાં પણ તે મૂર્તિ હોય. બાકી જૂની હિન્દી ફિલ્મના કોર્ટરૂમ સીનના પ્રથમ શોટની શરૂઆત જ આ ન્યાયની દેવીથી થાય. તેમની આંખોમાં કાળી પટ્ટી છે અને હાથમાં ત્રાજવું છે. માટે અમુક હિન્દી ફિલ્મી હીરોએ તેને મુવીમાં કાનુન અંધા હૈ - એવું પણ કહ્યું છે. પણ હકીકતમાં તો એ કાળી પટ્ટી તેનું સૂચક છે કોઈ ભેદભાવ વિના તટસ્થ રીતે ન્યાય તોળાય.ચિફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા - ડી વાય ચંદ્રચૂડ રવિવારે નિવૃત્ત થયા તેની પહેલાં જ ભારતના વિકસતા ન્યાયતંત્રને જાણે પ્રતિબિંબિત કરવા માટે સુપ્રીમ કોર્ટે એક મહત્વનો બદલાવ દાખલ કર્યો. સુપ્રીમ કોર્ટે તેની લાઈબ્રેરીમાં લેડી જસ્ટિસની પુનઃડિઝાઈન કરેલી પ્રતિમાનું અનાવરણ કર્યું હતું. તે મૂર્તિએ ભારતીય પરિધાન ધારણ કર્યા છે, તેના એક હાથમાં ત્રાજવું છે અને બીજા હાથમાં પુસ્તક છે. મુખ્ય ફેરફાર એ છે કે તેની આંખો પર પટ્ટી બાંધેલી નથી.ન્યાયની દેવી એટલે કે લેડી જસ્ટિસ દાયકાઓથી ન્યાયિક પ્રણાલીનું પ્રતીક રહ્યું છે. આંખે પાટા, ત્રાજવું અને તલવાર વાજબીપણું, નિષ્પક્ષતા અને કાયદાની શક્તિનું પ્રતિનિધિત્વ કરતા આવ્યા છે. ખાસ કરીને, આંખે પાટા એ પક્ષપાત વિના આપવામાં આવેલા ન્યાયનું પ્રતીક છે, જ્યારે તલવાર રક્ષણ અથવા સજા કરવાના અધિકારનું પ્રતીક છે, અને ત્રાજવા ચુકાદા પહેલાં બંને પક્ષોના કાળજીપૂર્વકની દલીલો તથા હકીકતોના વજનનું પ્રતિનિધિત્વ કરે છે.ભારતમાં, બ્રિટિશ શાસન દરમિયાન આંખે પાટા બાંધેલી સ્ત્રી એ લેડી જસ્ટિસની છબીનો એક પરિચિત ભાગ બની ગયો હતો અને તે પરંપરા આઝાદી પછી પણ ચાલુ રહી. ન્યાયની દેવી કોઈની પણ સ્થિતિ અથવા તેની સંપત્તિને ધ્યાનમાં લીધા વિના કાયદાની સમક્ષ દરેકની સમાનતાનું પ્રતીક છે. પરંતુ આ તો બ્રિટીશ વારસો થયો. એમાંથી બ્રેક લાગવી જોઈએ એવું વિચારીને સુપ્રીમ કોર્ટે લેડી જસ્ટિસ - ન્યાયની દેવીને આ નવા અવતારમાં તાદશ કરી. લેડી જસ્ટીસને ખુલ્લી આંખો, ભારતીય સાડી અને તલવારને બદલે બંધારણ આપવામાં આવ્યા. ભારતીય બંધારણની પુનઃ કલ્પના આ પ્રતિમામાં ફેરફાર સાથે પ્રતિબિંબિત થાય છે. ભવૈં ચંદ્રચુડે અનાવરણ સમારોહ દરમિયાન ભાર મૂક્યો હતો. આંખની પટ્ટી હટાવવી એ બતાવે છે કે કાયદો આંધળો નથી, પરંતુ સજાગ અને જાગૃત છે.બીજો મહત્વનો ફેરફાર ભારતીય બંધારણમાં સ્વોર્ડ ઓફ લેડી જસ્ટિસનું સ્થાન છે. ભવૈં ચંદ્રચુડે ધ્યાન દોર્યું હતું કે તે દર્શાવે છે કે ભારતમાં હિંસા અથવા બળ દ્વારા નહીં પણ બંધારણીય સિદ્ધાંતો અનુસાર ન્યાય કેવી રીતે આપવામાં આવે છે. બંધારણ હવે ન્યાયિક સત્તાને મૂર્તિમંત કરે છે, જે લોકશાહી મૂલ્યોને જાળવી રાખવામાં કોર્ટની ભૂમિકા પર ભાર મૂકે છે.બ્રિટીશ વારસાના પ્રતીકોને તિલાંજલી આપવા અને પરંપરાગત ભારતીય ઓળખને સ્વીકારવા બદલ કેટલાક લોકો દ્વારા પુનઃડિઝાઈનની પ્રશંસા કરવામાં આવી છે. ઘણા બધાને આ ફેરફારો ન ગમ્યા માટે તેની ટીકા પણ કરી છે. કેન્દ્રીય કાયદા મંત્રી અર્જુન રામ મેઘવાલે નવા બદલાવને સમર્થન આપ્યું અને પોતાના વિચારો વ્યક્ત કરતા કહ્યું કે, પ્રતિમાની નવી ડિઝાઈન ભારતીય બંધારણને યોગ્ય અંજલિ છે. જો કે, દરેક જણ સહમત નથી. શિવસેના (યુ)ના નેતા સંજય રાઉતે પોતાની નારાજગી વ્યક્ત કરી, દલીલ કરી કે નવી ડિઝાઈન રાજકીય રીતે પ્રેરિત છે અને તેને 'ભાજપ અને આરએસએસ દ્વારા પ્રચાર' ગણાવ્યો. તેમણે તો એમ પણ કહ્યું કે આંખની પટ્ટી હટાવીને તલવારની જગ્યાએ બંધારણ મુકવું એ ભ્રષ્ટાચાર અને બંધારણીય મૂલ્યોના ધોવાણને ખુલ્લેઆમ સ્વીકારવાનો પ્રયાસ છે.મોનોપોલી હંમેશા ઘાતક નીવડે. ફક્ત એકલદોકલ માણસમાં જ ઘમંડ આવે એવું નથી. કોઈ એક સમુદાય કે જૂથ કે પછી આખા વિસ્તારની ધરતી અભિમાનથી સિંચેલા પાણીનું આચમન કરવા લાગે એવું બને. આવું ગોવાના કિસ્સામાં થયું છે. ગોવા રાજ્યને સૌથી વધુ પ્રવાસીઓના અવિરત પ્રવાહનો ઘમંડ ચડી ગયો હતો જે ધીમે ધીને ઉતરી રહ્યો છે. છેલ્લા ચાર વર્ષમાં ગોવા આવી રહેલા આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓની સંખ્યામાં ૬૦% નો ઘટાડો થયો છે. આ આંકડો પણ શંકાસ્પદ લાગે છે કારણ કે જાણકારોના કહેવા મુજબ વિદેશી પ્રવાસીઓની સંખ્યામાં જબરદસ્ત ઘટાડો થયો છે. ગોવા હવે તેમની પસંદગીનું સ્થળ રહ્યું નથી.ડઝન બંધ ચોખ્ખા બીચ એ ગોવાનું જમાપાસું છે. વધુમાં ગોવાની સંસ્કૃતિમાં ખ્રિસ્તી રંગ રહેલો છે. માટે વિદેશીઓ પોતાના વિદેશ પ્રવાસ માટે ગોવાને અગ્રીમ પસંદગી આપતા. આલ્કોહોલ અને અવનવી ખાદ્ય વાનગીઓ સહેલાણીઓ માટે ગોવાના આકર્ષક તત્વો છે. ગોવામાં હજુ સુધી મેટ્રો શહેરોનો કહેવાતો વિકાસ પહોંચ્યો નથી. માટે ઊંચી ઊંચી ઈમારતો અને પુલોના ગૂંચવાડા અહી નથી. પ્રાકૃતિક સ્થળ તરીકે ગોવા પર્યટન સ્થળ તરીકે ઉભરી આવ્યું. ફરવા માટેના બધા જ રસાયણો ગોવાની ધરતીમાં હોવાના કારણે ગોવા ઘણા અંશે બિનહરીફ રહ્યું. ગોવાની જનતાને આ વાતની અનુભૂતિ થતાં તેમણે તેનો માત્ર ફાયદો જ નહી પણ ગેરફાયદો લેવાનું શરૂ કર્યું. લોભવૃત્તિ ગોવાના ખૂણે ખૂણે પહોંચી માટે ગોવાને પર્યટકો જાકારો આપી રહ્યા છે.ગોવા અતિશય મોંઘુ બની ગયું છે. જે લોકો ડોલરમાં કમાણી કરે છે તેને પણ ગોવા મોંઘુ લાગે છે. ગોવા એરપોર્ટ કે રેલવે સ્ટેશન ઉપર કોઈ પણ પ્રવાસી ઉતરે ત્યારથી તેનું મીટર દસ ગણી સ્પીડથી ભાગવા માંડે છે. ગોવામાં ટેક્સી માફિયાનું રાજ છે. ગોવાના ટેક્સી માફિયાની ગેંગે ઓલા / ઉબેર જેવી કોઈ પણ ટેક્સી સર્વિસને દાદાગીરીપૂર્વક પ્રવેશવા દીધી નથી. માટે એરપોર્ટથી કે રેલવે સ્ટેશનથી શહેરમાં જવાનું ભાડું ચાર આંકડાની રકમમાં વસૂલવામાં આવે છે. ભાવતાલ કરવાની વાત જ ગોવામાં ભૂલી જવાની. સીઝન દરમિયાન તો એક કિલોમીટરના પ્રવાસના બસ્સો-અઢીસો રૂપિયા વસૂલવામાં આવતા હોય છે. બીજા કોઈ પણ વિકલ્પના અભાવે પ્રવાસીએ પોતાનું ખિસ્સું ખાલી કરી નાખવું પડે છે. ગોવામાં બે એરપોર્ટ છે. બંને એરપોર્ટ ખાસ્સા દૂર છે. માટે ટેક્સી સિવાય કોઈ બીજો વિકલ્પ બચતો નથી.બીજો ત્રાસ છે હોટલોની ગેંગનો. નાનકડો રૂમ, ચોખ્ખાઈનો અભાવ, ખાસ કોઈ સગવડ નહી - આવી હોટેલ હોય તો પણ તે સીઝન દરમિયાન પાંચ આંકડાની રકમમાં ભાડું વસૂલે છે. એક દિવસનું ભાડું પાંચ હજારથી લઈને સિત્તેર હજાર સુધી પહોંચે તે ગોવામાં સામાન્ય ઘટના છે. હિસાબ દિવસ લેખે થાય છે પણ પ્રવાસીને હોટેલમાં રહેવા માત્ર બાવીસ કલાક મળે છે કારણ કે ચેક-ઈન ટાઈમ અને ચેક-આઉટ ટાઈમ વચ્ચે જ બે કલાકનો ભેદ રાખવામાં આવે છે. હોટેલો સિવાય હવે હોમ-સ્ટેની સુવિધા પણ ઉપલબ્ધ છે. જુદી જુદી એપ્લિકેશનમાં હોટેલની રૂમ સિવાયના રહેવાના વિકલ્પો મળી રહે છે. તે પણ મોંઘા હોય છે. જુદા જુદા ચાર્જીસના નામે પ્રવાસીઓને લૂંટવામાં આવે છે.

# અમરેલી જીલ્લામાં બે વાહન ચાલકો સહિત ૧૩ નસેડીઓને ઝડપી લીધા

## પોલિસે ૧૩ શખ્સોને નશો કરી નીકળતા સરભરા કરી

અમરેલી,અમરેલી જીલ્લામાં પોલિસે જુદા જુદા સ્થળોએથી બે વાહન ચાલકો સહિત ૧૩ નસેડીઓને નશો કરી છાકટા બની રાજાપાઠમાં નીકળતા ઝડપી પાડી જેલની હવા ખવડાવી સરભરા કરી હતી .જેમાં રાજુલા, દામનગર, ખાંભા,ચલાલા પોલિસ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

## સાવરકુંડલા પાલિકા દ્વારા રીવરફ્રન્ટ બનતો હોવાથી મકાન ખાલી કરવાની નોટીસ આપતા

# સાવરકુંડલાના વૃધ્ધે લાગી આવતા ઝેરી દવા ગટગટાવી

અમરેલી,(ક્રાઈમરીપોર્ટર) સાવરકુંડલા બગદાદ નગરમાં રહેતા દિલાવરભાઈ ચાંદભાઈ ચૌહાણને આજથી ચારેકદિવસપહેલાસાવરકુંડલાનગરપાલિકા દ્વારા રીવરફ્રન્ટ બનતો હોવાથી મકાન ખાલી કરવાની નોટીસ આપેલ હોય.જે અંગે પોતાને લાગી આવતા ઘઉંમાં નાખવાના ટીકડા પોતે પોતાની મેળે પાણીમાં નાખી પી જતા સારવાર માટે દવાખાને ખસેડવામાં આવેલ.

## લાઠી શાળા આરોગ્ય વિભાગ ની સાફલ્ય ગાથા

# લાઠી નજીક મતિરાળા ગામે ઓછા વજનની બાળકીને જન્મજાત હ્રદય રોગનું ઓપરેશન કરી નવજીવન આપ્યું

## ઓપરેશનનો ખર્ચ ચારથી પાંચ લાખ થાય પરંતુ પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાનો લાભ મળ્યો



અમરેલી,
લાઠીતાલુકાનામતિરાળાગામ માંજોડિયાજન્મેલાઅનેખૂબજઓછું, માત્ર એક કિલો વજન ધરાવતી નવજાત બાળકી ને જન્મજાત હ્રદયરોગ હોવાનું નિદાન થયું હતું. પ્રાઈવેટ હોસ્પિટલ માં આ રોગ ની સારવારઅનેઓપરેશનમાટેઅંદાજીતચાર થી પાંચ લાખ નો ખર્ચ થાય તેમ હતો. લાઠી તાલુકા ના આર.બી. એસ.કે. વિભાગ ના નોડલ મેડિકલ ઓફિસર ડો. હરિવદન પરમારનેજાણથતાંતેઓએસંદર્ભકાર્ડભરી આપી તાત્કાલિક ધોરણે અમદાવાદ ખાતે સારવાર માટે મોકલી આપ્યા હતા. પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ એપોલો હોસ્પિટલ અમદાવાદ ખાતે ઈમરજન્સી માં કાર્ડિયાક સર્જનો ની ટીમ દ્વારાઆધુનિકપદ્ધતિથીતેનાહ્રદયનુંજટિલ ઓપરેશન કરીતેનેહ્રદયરોગથી ભયમુક્ત જાહેર કરી હતી. હાલમાં તેની સ્થિતિ સંપૂર્ણ નોર્મલ અને વજન પણ નિયત માપદંડ મુજબ છે. સારવાર અંગે લાભાર્થીના વાલી એ અભિપ્રાય આપતા જણાવ્યું હતું કે પહેલા તો તેઓ નવજાત બાળકી ની સારવાર અને મોટા ખર્ચ વિશે ખૂબ ચિંતિત હતા. પરંતુ સરકાર શ્રી ના આયુષ્માન ભારત અને શાળા આરોગ્ય તથા રાષ્ટ્રિય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત તેમના બાળક ની સારવાર તદન વિનામૂલ્યે અને ખૂબ જ સંતોષ કારક રીતે થઈ છે. તેઓએ જિલ્લા ના આરોગ્ય અધિકારી ડો. રશ્મિકાંત જોશી, ડો. એ કે સિંગ, ડો. આર કે જાટ, ડો. આર. આર. મકવાણા, ડો. હરિવદન પરમાર, ડો. મિત્તલ શેલિયા, ડો. સાગર પરવડીયા, એમ કે બગડા, બી કેશનિશ્વરા, તૃપ્તિ બોરીચા અને આરોગ્ય વિભાગ નો આભાર માન્યો હતો.

# રાજુલાના જુની કાતરનો શખ્સ અમદાવાદ જેલમાંથી પેરોલ ઉપર મુક્ત થયા બાદ ફરાર

## પેરોલ પર મુકત થયા બાદ હાજર થવાના બદલે ફરાર થઈ ગુનો કર્યાની ફરિયાદ

અમરેલી,(ક્રાઈમરીપોર્ટર) રાજુલા તાલુકાના જુની કાતર ગામના પાકા કામના કેદી પરેશ ઉર્ફે પાંચાભાઈ જોગદીયા હાલ અમદાવાદ સેન્ટ્રલ જેલમાં પાકા કામના કેદી તરીકે હોય.જેમણે તા.૧૪-૧૦નાદિન ૭ માટે તા.૨૮-૧૦ ના રોજ અત્રેની જેલમાંથી પેરોલ પર મુકત કરવામાં આવેલ.અને તા.૫-૧૧-૨૪ ના કેદીને પરત થવાનું હતું. પરંતુ હાજર ન થઈ ફરાર થઈ ગુનો કર્યાની અમદાવાદ મદ્યસ્થ જેલ સાબરમતીના જેલર કે.કે. જાદવે રાજુલા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# ખીચા અને દેવળા વચ્ચે મોબાઈલ ચોરાયો

અમરેલી,(ક્રાઈમરીપોર્ટર) ધારી તાલુકાના વિરપુર ગામના ઘનશ્યામભાઈ નાગજીભાઈ દાફડા પોતાની નોકરી પુર્ણ કરી ઘરે જતા હતા. ત્યારે તા.૨૩-૨-૨૪ ના ખીચા અને દેવળા ગામની વચ્ચે કાપેલ ધાર પાસે પહોંચતા આઈફોન રૂા.૧૮,૦૦૦ ની કિંમતનો ખીસ્સામાંથી પડી જતા કોઈ ચોરી કરી ગયાની ધારી પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# લીલીયામાં જીલ્લા કક્ષાનું બાળવૈજ્ઞાનિક પ્રદર્શન યોજાયું

## ધારાસભ્ય શ્રી કસવાલા,પુર્વ ધારાસભ્ય શ્રી ધોરાજીયા સહિત મહાનુભાવોની ઉપસ્થિતિ



અમરેલી,
લીલીયા અમૃતબા વિદ્યાલયમાં જી.સી.આર.ટી.સી.ગાંધીનગર પ્રેરીત જીલ્લા કક્ષાનું બાળવૈજ્ઞાનિકપ્રદર્શનમુખ્ય વિષય ટકાઉ ભવિષ્ય માટે વિજ્ઞાન અને ટેકનોલોજી ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની અધ્યક્ષતામાં ખુલ્લું મુકવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે પુર્વ ધારાસભ્ય હનુભાભા ધોરાજીયા ખાસ ઉપસ્થિત રહયા હતા.આ પ્રસંગે સૌપ્રથમ બાળવૈજ્ઞાનિકોના વરદ હસ્તે દિપ પ્રાગટય કરી વિજ્ઞાન પ્રદર્શનને ખુલ્લું મુકવામાં આવ્યું હતું.ત્યારબાદ શાળાની વિધાર્થીનીઓ દ્વારા પ્રાર્થના અને સ્વાગતગીત રજુ કરવામાં આવેલ.બાદ શાળા સંચાલક મંડળના પ્રમુખ અરૂણભાઈ પટેલ દ્વારા ઉપસ્થિત મહાનુભાવોનું શાબ્દિક સન્માન કરવામાં આવેલ.ત્યારબાદ સંચાલક મંડળના ટ્રસ્ટી અરૂણભાઈ પટેલ,મગનભાઈ હીરાણી, બાબુભાઈ ધામત, મનસુખભાઈ ચોપડા, ધીરૂભાઈ ઉમરેઠીયાએ ધારાસભ્ય ધારાસભ્ય મહેશભાઈ કસવાલા અને પુર્વ ધારાસભ્ય હનુભાભા ધોરાજીયા સહિત મહાનુભાવોનું પુષ્પગગુચ્છ અને શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ પોતાના વિધાર્થીકાળના સંસ્મરણો યાદ કરી બાળૈજ્ઞાનિકોની કૃતિઓ નિહાળી પ્રોત્સાહિત કરેલ.આ તકે જીલ્લા શિક્ષણાઅધિકારી શ્રીગોહિલ, તાલુકા ભાજપ પ્રમુખ ભનુભાઈ ડાભી,ભાજપ અગ્રણી ભીખાભાઈ ધોરાજીયા,કાનજીભાઈ નાકરાણી,ગૌતમભાઈ વિંછિયા, કેતનભાઈ ઢાંકેચા, જીગ્નેશભાઈ સાવજ,સરપંચ જીવનભાઈ વોરા સહિત મહાનુભાવો ઉપસ્થિત રહયા હતા.અમરેલીજીલ્લામાંથી ૧૦૫ કૃતિઓ પ્રદર્શનમાં રજુ કરવામાં આવી હતી.સમગ્ર આયોજનને સફળ બનાવવા શાળાના આચાર્ય હસમુખભાઈ કરડના માર્ગદર્શન હેઠળ શાળા પરીવારે જહેમત ઉઠાવી હતી.

# ધારીમાં ઇલેક્ટ્રિક તોલમાપના જનરલ કેમ્પનો પ્રારંભ

## સ્કેલ રિપેરીંગ વર્કસનાં ભાવ બીજા બધા કરતા વ્યાજબી હોવાથી કામ આપ્યું



ધારી,ધારીમાં ટૂંક સમય માં સરકારી તોલમાપ વિભાગ દ્વારા ઈલેક્ટ્રિક તેમજ તોલમાપ ની ચકાસણી , સ્ટેમ્પિંગ નો કેમ્પ થવા જઈ રહ્યો છે. આજ રોજ વેપારી આગેવાનો ની હાજરીમાં આવેલા ભાવપત્રક ખોલતા તમામ આગેવાનો દ્વારા સર્વાનુમતે મે. શ્રધ્ધા સ્કેલ રીપેરીંગ વર્કસ ના ભાવ બીજા બધા કરતા વ્યાજબી અને યોગ્ય હોય જેને સ્ટેમ્પિગ અને રીપેરીંગ નું કામ આપેલ છે તો થોડા દિવસો માં કેમ્પ નો પ્રારંભ થશે. છતાં પણ વેપારી ભાઈઓ ને તોલમાપ અધિકારી શ્રી દ્વારા , સ્ટેમ્પિંગ કરતા રીપેરર દ્વારા કંઈ પણ મુશ્કેલી કે હેરાનગતિ હોય તો અમો ને જાણ કરવા વિનંતી છે. પરેશભાઈ બીપટણી ૯૪૨૭૪૨૮૬૦૬ પ્રમુખ ચેમ્બર ઓફ કોમર્સ મુકેશભાઈ વી રૂપારેલિયા ૯૪૨૭૫૫૭૯૨૧ પ્રમુખ ધારી વેપારી મહામંડળ ટ્રસ્ટ તેમજ ધારી ના તમામ વિવિધ એશોષિયેશન તાક. ટૂંક સમય માં તોલમાપ રીપેરીંગ સ્ટેમ્પિંગ કેમ્પ નો પ્રારંભ થશે તો વેપારી ભાઈઓ એ યોગ્ય સાથ અને સહકાર આપવા જણાવ્યું છે.

## અમરેલીમાં રજીસ્ટ્રેશન માટે ડો.ગજેરા, શ્રી વિઠલભાઇ બાંભરોલીયાનો સંપર્ક કરવો

# કેન્સર જાગૃતિ માટે દરિયાઇ યાત્રા યોજાશે

## દેશ-વિદેશના કેન્સર વોરિયર્સ દ્વારકાથી સોમનાથ સુધીની ૨૫૦ કિ.મી કાયકિંગ સફર ખેડશે

અમરેલી,
ગુજરાત અને વિશ્વના અનેક દેશોના કેન્સર વોરિયર્સ કૃષ્ણનગરી દ્વારકાથી શિવનગરી સોમનાથ સુધી ૨૫૦ કિલોમીટર કાયકિંગ એટલે કે દરિયાનું ખેડાણ કરશે. કેન્સર કેર ફાઉન્ડેશન અને રાજકોટ ડિસ્ટ્રિક્ટ સ્વિમિંગ એસોસિયેશન દ્વારા ૨૫ જાન્યુઆરીથી ૪ ફેબ્રુઆરી સુધી આ કાર્યક્રમનું આયોજન કર્યું છે.

આ પ્રવાસ ૧૦ દિવસ સુધી ચાલશે. એ દરમિયાન દ્વારકાથી સોમનાથ સુધીના દરિયાકિનારાનાં ૫ મોટાં સેન્ટર ઉપરાંત ૩૦ ગામડાંમાં વેક્સિનેશન કેમ્પ અને મેમોગ્રાફી ફ્રી કરવામાં આવશે, જેમાં બહેનોને સર્વાઈકલ એટલે કે ગર્ભાશયનું કેન્સર ન થાય એ માટે HPV વેક્સિન આપવામાં આવશે. જેમાં વિશ્વમાં સંભવતઃ પ્રથમ વખત એવું થવા જઈ રહ્યું છે કે કેન્સર વોરિયર્સ દરિયામાં સાહસિક પ્રવૃત્તિ કરશે. આ માટે વિનામૂલ્યે રજિસ્ટ્રેશન કરી શકાશે. રજિસ્ટ્રેશન માટે cancercarefoundation. rajkotgmail.com મેલ પર અથવા www. cancerc arefoundation.org વેબસાઈટ પર સંપર્ક કરી શકાય છે.

કેન્સર વોરિયર્સ માટે કાયકિંગનું આ પ્રથમ વખત આયોજન છે. જેમાં સૌપ્રથમ કેન્સર વોરિયર્સને સ્વિમિંગ પૂલમાં ટ્રેનિંગ આપવામાં આવશે. જેમાં તેઓ ૫૦૦ મીટર સ્વિમિંગ કરી શકતા હોવા જોઈએ. પોરબંદર અને નવા બંદર સહિતના દરિયાકાંઠે સ્વિમિંગ અને કાયકિંગની પ્રેક્ટિસ કરાવવામાં આવશે. એમાં સૌ પ્રથમ તો આ કેન્સર વોરિયર્સની ફિઝિકલ એબિલિટી ચકાસવામાં આવશે અને આ સાથે જ તેમની માનસિક સ્થિતિ કિલોમીટર સુધી કરવાની છે કે નહીં એ તમામ બાબતો ચકાસ્યા બાદ સિલેક્શન કરાશે.રજીસ્ટ્રેશન માટે ડો. જી.જે.ગજેરા અથવા શ્રી વિઠલભાઈ બાંભરોલીયાનો સપંર્ક કરવા અનુરોધ કરાયો છે.

### બહેનોને સર્વાઈકલ કેન્સર માટેની HPV વેક્સિન અપાશે

દ્વારકાથી સોમનાથ સુધીના દરિયાકિનારાના ૫ મોટાં સેન્ટર ઉપરાંત ૩૦ ગામડાંમાં વેક્સિનેશન કેમ્પ અને મેમોગ્રાફી ફ્રી કરવામાં આવશે, જેમાં બહેનોને સર્વાઈકલ એટલે કે ગર્ભાશયનું કેન્સર ન થાય એ માટે HPV વેક્સિન આપવામાં આવશે અને કેન્સર અંગે જાગૃતિ આપવામાંઆવશે.

### કેનેડા, યુ.એસ, ઓડિસા-મહારાષ્ટ્રથી કેન્સર વોરિયર્સ આવશે

૨૫૦ કિમી.નો દરિયાકિનારાનો પ્રવાસ કેન્સર વોરિયર્સ દ્વારા કરવામાં 'આવશે. આ પ્રકારનો પ્રવાસ કોઈપણ જગ્યાએ થયો નથી, જેનો ઉદ્દેશ એ છે કે કેન્સર પછીનું જીવન જીવવા યોગ્ય છે અને ફરી વખત કેન્સર ન થાય એ માટેના પ્રયાસોનો છે. એનો સંદેશો પણ કેન્સર વોરિયર્સ ભાઈઓ અને બહેનો જ આપશે. એ માટે હાલ અત્યાર સુધી ૧૨ રજિસ્ટ્રેશન થઈ ચૂક્યા છે. કેનેડાથી ૨. યુ.એસ. ઓડિશા અને મહારાષ્ટ્રથી ૧-૧ કેન્સર વોરિયર્સની એન્ટ્રી આવી છે. અશ્વિન સોલંકી, પ્રમુખ, કેન્સર કેર ફાઉન્ડેશન

# અમરેલી નવોદય વિદ્યાલયમાં શિક્ષક તાલીમ કાર્યશાળા યોજાઇ

## પ્રગતિશીલ પ્રવૃત્તિ અંતર્ગત શૈક્ષણિક કાર્યશાળાનું આયોજન



અમરેલી, પ્રગતિશીલ પ્રવૃત્તિ (PACE Setting Activity) હેઠળ પીએમ શ્રી જવાહર નવોદય વિદ્યાલય, અમરેલી ખાતે બે દિવસીય શિક્ષક તાલીમ કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમનું સંચાલન સીએસઆઈઆર-સેન્ટ્રલ સોલ્ટ મરીન કેમિકલ્સ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (સીએસએમસીઆરઆઈ), ભાવનગર અને રોયલ સોસાયટી ઓફ કેમિસ્ટ્રી (RSC)દ્વારા યુસુફ હમીદ પ્રેરણાત્મક વિજ્ઞાન કાર્યક્રમ અંતર્ગત કરવામાં આવ્યું. કાર્યક્રમનું ઉદ્ઘાટન શ્રી એમ.બી. ગોહિલ, જિલ્લા શિક્ષણ અધિકારી (DEO) દ્વારા કરવામાં આવ્યું હતું, જેમણે અધ્યક્ષપદ સંભાળ્યું. મુખ્ય અતિથિ તરીકે શ્રી એન.જે. નાકીયા, ઉપવિભાગીય મેજિસ્ટ્રેટ (SDM) ઉપસ્થિત રહ્યા.ડો. આર. ચૌધરી, મુખ્ય વૈજ્ઞાનિક અને સીએસઆઈઆર-જિજ્ઞાસા સંયોજક, કાર્યક્રમના મુખ્ય સંકલક રહ્યા. શ્રી વિજયકુમાર એસ. ભોસ, પીએમ શ્રી જવાહર નવોદય વિદ્યાલય, અમરેલીના પ્રિન્સિપાલે સમગ્ર કાર્યક્રમનું સંકલન કર્યું, જ્યારે શ્રી હિતેશ કાર્યક્રમના એન્કર તરીકે રજુઆત કરી. શ્રી વિકાસ, પીજીટી કેમિસ્ટ્રીએ તમામ વ્યવસ્થાઓ હાથ ધરવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી. કાર્યશાળામાં 'સક્રિયશિક્ષણ તરફ વધવું, ''વિજ્ઞાનમાંસક્રિયશિક્ષણ ટેકનિક્સવિકસાવવી, 'અને 'વિજ્ઞાનમાંસક્રિયશિક્ષણ ટેકનિક્સને આગળ ધપાવવી' જેવા વિષયોની ચર્ચા કરવામાં આવી હતી. અમરેલી જિલ્લાના આમંત્રિત શિક્ષકો હાજર રહ્યાં અને આ નવી શૈક્ષણિક પદ્ધતિઓમાંથી પ્રેરણા મેળવી. આ કાર્યક્રમમાં રાજભાષા હિન્દીનો ઉપયોગ કરીને વિજ્ઞાન શિક્ષણને પ્રોત્સાહન આપવા અનોખી પહેલ કરવામાં આવી હતી. કાર્યક્રમના અંતે લેનાર શિક્ષકોને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યાં. આ પ્રગતિશીલ પ્રવૃત્તિ આચાર્ય શ્રેણીના શૈક્ષણિક અને પ્રેરણાત્મક વિકાસ માટે એક નોંધપાત્ર પગલું સાબિત થશે.

# ગ્રહોની ચાલ



રોહિત જીવાણી ૯૪૨૬૪૭૧૪૭૦

## આજનું પંચાગ

તા૧.૧૨.૨૦૨૪, રવિવાર ,સંવંત ૨૦૮૧, કારતક વદ અમાસ, અનુરાધા નક્ષત્ર , સુકર્મા યોગ, કિસ્તુન્ઘ કરણ , આજે જન્મેલાંની ચંદ્રરાશિ વૃશ્ચિક (ન ,ય ) રહેશ

મેષ (અ,લ,ઈ) : અંગત જીવનમાં સારું રહે,મનોમંથન કરી શકો.વિચારોમાં પરિવર્તન જણાય ,શુભ દિન.
વૃષભ (બ,વ,ઉ) : વિવાહયોગ્ય મિત્રો માટે સારી વાત આવી શકે, વિવાહિતને દામ્પત્યજીવનમાં સારું રહે,પરિવાર સાથે આનંદ માણી શકો.
મિથુન (ક,છ,ઘ) : ભાગીદારીમાં સારું રહે, જાહેરજીવનમાં આગળ વધી શકો અને તમારું પ્રભુત્વ દર્શાવી શકો ,દિવસ શુભ રહે.
કર્ક (ડ,હ) :વિદ્યાર્થીવર્ગને અભ્યાસમાં સારું રહે, વિદેશ જવા ઈચ્છતા મિત્રો માટે સારું, સંતાન અંગે સારું રહે,યોગ્ય સમયે યોગ્ય નિર્ણય લઈ શકો.
સિંહ (મ,ટ) : નવી વસ્તુની ખરીદી થાય,સુખ સગવડ પ્રાપ્ત થાય, અન્ય મિત્રોને મદદરૂપ બની શકો , દિવસ સંતોષજનક રહે.
કન્યા (પ ,ઠ,ણ) : ગણતરી પૂર્વક આગળ વધશો તો લાભ થશે, સાહસ થી સિદ્ધિ પ્રાપ્ત થાય,રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો.
તુલા (ર,ત) : આર્થિક બાબતો માં મધ્યમ રહે,આવક જાવક સમજીને કરવા, મનમાં સંતોષ અને રાજીપો રહે, શુભ દિન.
વૃશ્ચિક (ન,ય) : તમારા વ્યક્તિત્વનો વિકાસ થાય,નવી પ્રતિભા કેળવી શકો, યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી શકો.
ધન (ધ,ભ,ફ,ઢ): કોઈ બાબતમાં વધુ દલીલ થી દૂર રહેવું, વાદ-વિવાદ થી દૂર રહેવું,અંગત મિત્રો સાથે મતભેદ નિવારવા પડે.
મકર (ખ,જ) : આકસ્મિત લાભ થાય,મુશ્કેલી માં આશાનું કિરણ દેખાય, મુસાફરીના યોગ બની રહ્યા છે, દોડધામ રહે.
કુંભ (ગ ,સ,શ) :વેપારીવર્ગને લાભ થાય, સ્ત્રીવર્ગને મધ્યમ રહે, નોકરિયાતવર્ગને સારું રહે,આગળ વધવાની તક પ્રાપ્ત થાય.

# લોહાણા મહાપરિષદની બેઠકમાં ભાગ લેવા આગેવાનો મુંબઇ રવાના

## શ્રી પ્રકાશ કારીયા, શ્રી મિતુલભાઇ ગણાત્રા સહિત આગેવાનો રવાના થયાં




અમરેલી,વિશ્વરઘુવંશીસમાજનીમાતૃ સંસ્થા શ્રી લોહાણા મહાપરીષદ ની દ્રીતીય મધ્યસ્થ મહાસમિતી ની બેઠક મા જ્ઞાતી ગંગા ના દર્શન કરવા મુંબઈ જવા વડીયા લોહાણા મહાજન ના મંત્રી શ્રી મીતુલભાઈ ગણાત્રા સાથે રાજકોટ રેલ્વે સ્ટેશન થી રવાના થયા હતાં.

### ચોટીલાના લાખણકામાં અપહૃત સગીરા અને અપહરણ કરનાર યુવાનની લાશ મળી

# ઉત્તર પ્રદેશનાં જેલ મંત્રીશ્રી સુરેશકુમાર રાહી બાબરાના સુકવડા ગામના મહેમાન બન્યાં

## જિલ્લા પંચાયત સદસ્યશ્રી પ્રભાતભાઇ કોઠીવાળ દ્વારા ભવ્ય સ્વાગત કરાયું



બાબરા, (દિપક કનૈયા)અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના ખોબા દેવડા સુકવળા ગામે તારીખ ૨૬/૧૧/૨૦૨૪ ને મંગળવારના રોજ ઉત્તર પ્રદેશ સરકારના જેલ મંત્રી શ્રી સુરેશ રાહી પરિવાર સાથે પધાર્યા હતા સુકવળા ગામના વળદાન ભાઈ ચાવડા (આહિર) ને ત્યાં પરિવાર સાથે મહેમાનગતિ માણી હતી માનનીય મંત્રીશ્રીનું સૂકવળા આહીર સમાજ ના અગ્રણીઓ તેમજ જિલ્લા પંચાયત અમરેલીના સદસ્ય શ્રી પ્રભાતભાઈ કોઠીવાળ દ્વારા સાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું આ તકે વળદાનભાઈ ચાવડા પરિવાર દ્વારા કાઠીયાવાડી સંસ્કૃતિ મુજબ માનનીય મંત્રીશ્રી ને ગીર ગાયની કિંમતી વાછરડી ભેટ કરવામાં આવી હતી જે ''આહિર નો આશરો'' શબ્દને સાર્થક કર્યો હતો મંત્રીશ્રી સુરેશ રાહી પરિવારે બાજરા ના રોટલા માખણ રીંગણા નો ઓળો જેવું દેશી ભોજન આરોગી કાઠીયાવાડ (ગુજરાત) ના અતિશય ધર્મ ને બીદાવ્યા હતો આ તકે ચાવડા પરિવારે માનનીય મંત્રી શ્રી સુરેશ રાહી પરિવાર તેમજ જિલ્લા પંચાયત સદસ્ય શ્રી પ્રભાતભાઈ કોઠીવાળ નું સાલ ઓઢાડી સન્માન કર્યું હતું માનનીય મંત્રી શ્રી એ જણાવેલ કે કૃષ્ણ ભગવાન જન્મ્યા હતા તે ઉત્તરપ્રદેશમાં અને કર્મભૂમિ ગુજરાત બનાવી જેથી ગુજરાત આવીને ખૂબ પ્રસન્ન થયો છું આ તો કે સુકવળા ના અગ્રણી શ્રી ભીખાભાઈ ચાવડા વરદાન ભાઈ વજુભાઈ નિર્મળભાઈ શુભરાજભાઈ સમઢીયાળા થી દેવાયતભાઈ કોઠીવાળ ડાયાભાઈ મેતા વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# સૌરાષ્ટ્રના માર્કેટ યાર્ડના બજાર ભાવો

## કપાસ ૯૬૨ થી ૧૫૧૪ મગફળી ૮૨૨ થી ૧૨૦૦

**અમરેલી માર્કેટ યાર્ડ**
શિંગમઠડી-૮૨૫-૧૦૭૦
શિંગમોટી-૮૨૨-૧૨૦૦
શીંગફાડા-૯૦૦-૧૨૮૬
તલસફેદ-૧૪૭૫-3000
તલકાળા-૨૯૩૫-૪૫૦૦
જુવાર-૪૦૦-૮૧૬
ઘઉંટુકડા-૫૬૪-૬૬૪
ઘઉંલોકવન-૫૬૦-૬૮૩
ચણા-૯૧૦-૧૩૯૦
કપાસ-૯૬૨-૧૫૧૪
ધાણા-૧૦૫૦-૧૩૫૦
સોયાબીન-૬૫૦-૮૩૭
અડદ-૮૧૦-૧૫૧૦
એરંડા-૧૦૦૦-૧૨૩૫
મરચાલાંબા-૭૨૦-૨૪૪૦
જીરૂ-૩૭૮૦-૪૫૪૦

**અમરેલી માર્કેટયાર્ડ**
બટેટા-૪૦૦-૬૦૦
રીંગણા-૩૦૦-૬૦૦
કોબીઝ-૩૧૦-૪૨૦
ટમેટાં-૭૫૦-૮૫૦
સુરણ-૮૫૦-૧૨૦૦
ફોદીનો-૪૨૦-૭૨૦
ગાજર-૪૦૦-૭૫૦
ગલકા-૧૦૦-૭૫૦
કાકડી-૨૮૦-૬૪૦
ગુવાર-૬૪૦-૧૦૨૦
દુધી-૮૦-૨૪૦
તુરીયા-૬૪૦-૯૦૦
ભીડો-૪૦૦-૭૨૦
આદુ-૮૦૦-૯૦૦
કોથમીર-૪૦૦-૬૦૦
મેથીભાજી-૫૮૦-૭૪૦
ટીંડોરા-૪૪૦-૬૨૦
લીમડોમીઠો-૧૦૦-૧૪૦
મરચાલીલા-૩૦૦-૭૫૦
મુળા-૨૦૦-૪૦૦
લીંબુ-૪૦૦-૮૦૦
પાલક-૪૦૦-૬૦૦

**રાજુલાયાર્ડ**
મેથી-૧૦૫૭-૧૦૫૭
સોયાબીન-૭૫૦-૮૨૦
ઘઉં-૫૩૩-૬૬૧
જુવાર-૭૨૫-૮૨૬
કપાસ-૧૩૦૫-૧૫૦૦
તલસફેદ-૨૨૦૧-૨૪૦૦
અડદ-૧૦૦૦-૧૩૫૦
મગ-૨૦૨૫-૨૬૮૦
શીંગ-૯૫૦-૧૧૩૦
ચણા-૧૧૭૫-૧૪૭૫

**મહુવાયાર્ડ**
ઘઉં-૫૬૪-૭૭૭
ડુંગળીલાલ-૨૦૦-૯૦૦
તલસફેદ-૧૮૧૫-૨૫૬૬
અડદ-૮૨૦-૨૦૦૦
સોયાબીન-૭૩૦-૯૨૭
શીંગ ૬૬-૧૦૧૦-૧૧૬૮
ડુંગળીસફેદ-૩૦૧-૧૩૩૨
જીરૂ-૪૫૭૦-૪૭૦૦
બાજરી-૪૨૮-૬૫૧
જુવાર-૪૧૮-૯૧૦
નાળીયેર-૪૦૧-૨૭૭૦

**બાબરા યાર્ડ**
કપાસ-૧૪૫૦-૧૫૨૮
ઘઉં-૫૧૫-૬૪૫
મગફળી-૧૧૨૬-૧૧૯૪
ચણા-૧૧૧૦-૧૨૯૦
અડદ-૧૧૯૫-૧૪૬૫
તલસફેદ-૨૦૧૯-૨૧૨૧
સોયાબીન-૭૭૭-૮૦૩
કપાસકોડી-૧૩૪૦-૧૩૬૦

**ધારી માર્કેટયાર્ડ**
કપાસ-૧૨૫૨-૧૫૦૦
ચણા-૧૨૦૦-૧૩૧૨
મગફળી-૮૦૧-૧૦૭૬
અડદ-૧૩૭૦-૧૫૦૦
ધાણા-૧૨૩૫-૧૩૯૦
સોયાબીન-૬૦૦-૮૦૫

**સાવરકુંડલા માર્કેટયાર્ડ**
શીંગજીણી-૯૫૧-૧૧૦૧
શીંગમોટી-૧૦૦૦-૧૧૯૧
અડદ-૧૧૦૦-૧૫૦૦
તલસફેદ-૧૬૯૫-૨૨૪૦
કપાસ-૧૩૭૫-૧૫૦૦
ઘઉંલોકવન-૫૫૦-૬૨૦
જીરૂ-૪૦૦૦-૪૬૦૦
ઘઉંટુકડા-૫૨૫-૬૫૦
ચણા-૧૧૦૦-૧૪૫૦
સોયાબીન-૭૩૦-૮૪૦
મગ-૧૪૭૫

**ખાંભા માર્કેટયાર્ડ**
કપાસ-૧૩૨૫-૧૪૭૧
મગફળી-૯૧૨-૧૧૨૦

**લીલીયા માર્કેટ યાર્ડ**
કપાસ-૧૩૯૯-૧૪૮૧

**બગસરા માર્કેટયાર્ડ**
કપાસ-૧૩૦૦-૧૫૧૫
અડદ-૯૦૦-૧૩૮૦
મગફળી-૬૫૦-૯૦૫
મગ-૧૨૨૦-૧૨૨૦
સોયાબીન-૫૯૦-૭૭૧
ઘઉં-૫૩૦-૬૦૧
ચણા-૧૦૧૬-૧૨૬૫

**અમરેલીફ્રુટમાર્કેટભાવ**
ચીકુ-૮૦૦-૧૬૦૦
દાડમ-૧૨૦૦-૨૧૦૦
મુસંબી-૮૦૦-૧૨૦૦
સંતરા-૫૦૦-૭૦૦
કીવી-૪૦૦૦-૫૫૦૦
ડ્રેગન ફ્રુટ-૧૮૦૦-૨૮૦૦
અનાનસ-૮૦૦-૧૨૦૦
જામફળ-૩૦૦-૮૦૦
કેળા-૪૦૦-૫૦૦
પોપૈયા-૫૦૦-૮૦૦
સીતાફળ-૭૦૦-૧૨૦૦
સફરજન કાશ્મીર-૧૫૦૦-૨૦૦૦

### અમરેલી આજનું તાપમાન

મહ ામ તાપમાન-૩૦
ન્યુનતમ તાપમાન -૧૫.૪
ભેજનું પ્રમાણ -૬૪
પવનની ગતિ સરેરાશ -૬.૫

### આંગણવાડીના બાળકોના સર્વાંગી વિકાસની નેમ સાથે

# અમરેલી ખાતે ભૂલકા મેળો યોજાયો

## ભુલકા મેળામાં વિવિધ કૃતિઓ બનાવનાર આંગણવાડીના કાર્યકર બહેનોઅને બાળકોને ઈનામ આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા

## જિલ્લા પંચાયત મહિલા બાળ વિકાસ વિભાગ અને આઈસીડીએસના સંયુકત ઉપક્રમે ભુલકા મેળામાં આંગણવાડીના બાળકોએ ભાગ લીધો





અમરેલી,

અમરેલી જિલ્લા પંચાયત, મહિલા અને બાળ વિકાસ વિભાગ, આઈ.સી.ડી.એસ.ના સંયુક્ત ઉપક્રમે અમરેલીખાતેભૂલકામેળોયોજાયોહતો. આંગણવાડીના બાળકોના સર્વાંગી વિકાસની નેમ સાથે યોજાયેલા આ કાર્યક્રમમાં આંગણવાડીના ઘટકો દ્વારા તૈયાર કરવામાં આવેલી કૃતિઓની પ્રદર્શનીને ઈન્ચાર્જ જિલ્લા વિકાસ અધિકારીશ્રી અને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક શ્રી કે.જે. જાડેજાએ ખુલ્લી મૂકી હતી.

લાઠી-બાબરાધારાસભ્યશ્રીજનકભાઈ તળાવિયાઅનેમહિલાઅનેબાળવિકાસ અને યુવા પ્રવૃત્તિ શાખાના ચેરમેન શ્રીમતિ નિતાબેન ચાવડાની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયેલા કાર્યક્રમમાં આંગણવાડીના બાળકો અને પ્રિ-સ્કૂલ ઈન્સ્ટ્રક્ટરે સાથે ગમ્મત પીરસતી સાંસ્કૃતિકકલાકૃતિઓપ્રસ્તુતકરીહતી. ઈન્ચાર્જજિલ્લાવિકાસઅધિકારીશ્રીઅને જિલ્લાગ્રામવિકાસએજન્સીનિયામકશ્રી કે.જે.જાડેજાએકહ્યુકે, આભૂલકામેળાનો હેતુ બાળકોના સર્વાંગી વિકાસનો છે. દિવસના ૦૩ કલાક બાળકો એ તેના પરિવારથીદૂરઆંગણવાડીએઆવેઅને તેમનો આઈ.ક્યુ (ઈન્ટેલિજન્ટ ક્વોશન્ટ), ઈ.ક્યુ(ઈમોશનલક્વોશન્ટ) અને એસ.ક્યુ ક્વોશન્ટ) વિકસે અને તેમનાસર્વાંગીવિકાસનોપાયોવધુસારો થાયતેપ્રકારનીપ્રવૃત્તિઓકરાવવાનોછે. વિવિધ કૃતિઓ બનાવનાર આંગણવાડીના કાર્યકર બહેનો અને બાળકોને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાંઆવ્યાહતા. કાર્યક્રમનાપ્રારંભે આઈ.સી.ડી.એસ. પ્રોગ્રામઓફિસરશ્રી દક્ષાબહેનભટ્ટેસ્વાગતપ્રવચનકર્યુંહતું. કાર્યક્રમમાં જિલ્લા પંચાયત ઉપપ્રમુખશ્રી સુરેશભાઈ પાથર, સભ્ય સર્વ શ્રી માંગરોળીયા, શ્રી અશ્વિનભાઈ કુંજડીયા, શ્રી નીતિનભાઈ રાઠોડ, શ્રી મુકેશભાઈ બગડા, મહિલા અને બાળવિકાસ સમિતિ સભ્યશ્રીઓ શ્રીમતિ ઈલાબેન માયાણી, શ્રીમતિ જ્યોત્સનાબહેન રાઠોડ, શ્રીમતિ અજવાળીબેન પડશાળા, નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી અર્પણ ચાવડા, સી.ડી.પી.ઓ.શ્રી સર્વ, આંગણવાડીના કર્મયોગીઓ, વાલીઓ અને ભૂલકાંઓ ઉપસ્થિત રહ્યા હતા.

## સમગ્ર ગુજરાત સંક્ષિપ્ત

### ટોરેન્ટ ગ્રુપના યુ.એન.એમ. ફાઉન્ડેશન આયોજિત

## અભિવ્યક્તિની છઠ્ઠી આવૃત્તિ દર્શકોને આકર્ષવામાં નવા રેકોર્ડ સ્થાપી રહી છે, એક લાખથી વધુ દર્શકોએ પ્રસ્તુતિઓને માણી



અમદાવાદ,(રાજેશ મહેતા)ટોરેન્ટ ગ્રૂપના મહેતા પરિવાર પ્રેરિત યુ.એન.એમ. ફાઉન્ડેશનની પહેલ એવા અભિવ્યક્તિ- ધ સિટી આર્ટસ પ્રોજેક્ટની છઠ્ઠી આવૃત્તિએ શનિવારે દર્શકોને આકર્ષવામાં એક નવો રેકોર્ડ સ્થાપિત કર્યો છે. શનિવારે, એક દિવસીય ફિલપબુક એનિમેશન વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું અને દર્શકોને મંત્રમુગ્ધ કરનાર એક કથક નૃત્ય પ્રસ્તુતિ આકર્ષણનું કેન્દ્ર બની હતી.વિઝયુઅલ આર્ટસ શૈલીમાં કૌમુદી સહસ્રબુધે - બેચલર ઓફ ફાઈન આર્ટસ અને ભારતની પ્રથમ લાઈવ અને એનિમેશન ફીચર ફિલ્મ: ભાગમતી માટે લીડ એનિમેટર, આજે એક દિવસીય ‘લિપબુક એનિમેશન વર્કશોપ‘ નું આયોજન કર્યું હતું. કથક નૃત્યાંગના ધારા વનેરાએ પોતાની પ્રસ્તુતિ ધ સ્ટોરી ફ સન એન્ડ મૂન’ રજૂ કરી હતી. તેમણે એક એવુ અદભૂત પ્રસ્તુતિ રજુ કરી.કોલકાતાના વિઝયુઅલઆર્ટિસ્ટ પૃથ્વીશ દાવ પોતાની કલા દ્વારા શહેરના સમૃદ્ધ ઈતિહાસ અને સામાજિક-રાજકીય વિકાસને દર્શાવે છે. ‘લેગેસી ઓફ સિટીઝ‘ નામની તેમની કલાકૃતિ દ્વારા પૃથ્વીશ દાવ આપણને સમયની સફર પર લઈ જાય છે.અનિલ મજમુદારે ‘કલેક્ટિવ મેમરી‘ નામની પોતાની કલાકૃતિ રજુ કરી, જે મુલાકાતીઓને સહિયારા અનુભવોથી આકાર લેતી દુનિયામાં લઈ જાય છે. તેમની કલા એ સહિયારા અનુભઓને ઉજાગર કરે છે. આજે ૧ ડિસેમ્બર સુધી ગોપાલ અગ્રવાલનું માર્શલ આર્ટ અમન રાથ્થાનું કલાસીક ફયુઝન, અનિરૂધ્ધ વર્માનું ઈન્ડિયન કલાસીક, તારક પટેલનું નૃત્ય, મેહુલ પ્રજાપતિનું સંગીત, કેતન જાદવનું નાટક, અમૃતા લહેરી કુચીકુડી, મૌસમ અને મલ્કાનું ટ્રેડિશનલ ફોક રજુ થશે.

### મુખ્યમંત્રી શ્રી પટેલનો કર્મચારી હિતલક્ષી વધુ એક નિર્ણય

# રાજ્યના કર્મચારી-અધિકારીઓ માટે નિવૃત્તિ ગ્રેજ્યુઈટી અને અવસાન ગ્રેજ્યુઈટીની મહત્તમ મર્યાદામાં ૨૫ ટકાનો વધારો

## તા. ૧ જાન્યુઆરી, ૨૦૨૪ પછી વય નિવૃત્ત થતા કર્મચારી-અધિકારીઓને લાભ મળશે

અમરેલી,મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્ય કર્મચારીઓ-અધિકારીઓના વિશાળહિતમાં વધુ એકહિતલક્ષી નિર્ણય કર્યો છે. રાજ્ય સરકારના કર્મચારીઓ- અધિકારીઓને હાલ વય નિવૃત્તિ સમયે નિવૃત્તિ ગ્રેજ્યુઈટી તથા અવસાન ગ્રેજ્યુઈટી મહત્તમ રૂ. ૨૦ લાખની મર્યાદામાં આપવામાં આવે છે. કેન્દ્ર સરકારના ધોરણે હવે આ વય નિવૃત્તિ ગ્રેજ્યુઈટી અને અવસાન ગ્રેજ્યુઈટીની મહત્તમ મર્યાદામાં ૨૫ ટકાનો વધારો કરવાનો મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર નિર્ણય કર્યો છે. આ કર્મચારી હિતલક્ષી નિર્ણયને પરિણામે હવે રાજ્ય સરકારના કર્મચારી- અધિકારીઓને નિવૃત્તિ ગ્રેજ્યુઈટી અને અવસાન ગ્રેજ્યુઈટી મહત્તમ રૂ. ૨૫ લાખની મર્યાદામાં આપવામાં આવશે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નિર્ણયનો લાભ તા. ૧ જાન્યુઆરી, ૨૦૨૪ પછી વયનિવૃત્તથતા કર્મચારી-અધિકારીઓને મળશે. મુખ્યમંત્રીશ્રી સમક્ષ રાજ્યના નાણાંવિભાગે રજૂ કરેલી આ દરખાસ્તને અનુમતિ આપતા આ અંગેના જરૂરી ઠરાવો નાણાં વિભાગ જારી કરશે. રાજ્ય સરકારને આ નિર્ણયને પરિણામે અંદાજે વાર્ષિક રૂ. ૫૩.૧૫ કરોડનું ભારણ આવશે.

### રાજુલા એજ્યુકેશનલ ટ્રસ્ટ સંચાલિત

# રાજુલા સંઘવી મહિલા આર્ટસ, કોમર્સ કોલેજમાં એનએસએસ યુનિટ દ્વારા મહુવાના મોટા ખુટવડામાં ટ્રેકીંગ કેમ્પ યોજાયો

## એક દિવસીય ટ્રેકીંગ કેમ્પમાં ૬૮ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો



રાજુલા, (કનુભાઈ વરૂ)રાજુલા એજ્યુકેશનલ ટ્રસ્ટ સંચાલિત શ્રીમતી એચ.બી .સંઘવી મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ રાજુલા દ્વારા એન. એસ. એસ યુનિટ- ૧તથા ૨ દ્વારા તારીખ ૨૮- ૧૧- ૨૦૨૪ ને ગુરુવારના રોજ માવા ડુંગર મોટાખુટવડા ખાતે વન ડે ટ્રેકિંગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ૬૮વિદ્યાર્થીનીબહેનોટ્રેકિંગકેમ્પમાં ઉત્સાહપૂર્વક જોડાઈને સા હસિકવૃત્તિ દાખવી આસપાસ નું પર્યાવરણીય પ્રકૃતિમય,નયનરમ્ય મનોહર વાતાવરણની સુખદ અનુભૂતિ કરી વિશિષ્ટ કૌશલ્ય કેળવ્યું હતું. આ તકે કેમ્પસ ડાયરેકટર શ્રી ડો. જીગ્નેશ ભાઈ વાજા, સેક્રેટરી બાલકૃષ્ણભાઈ ત્રિવેદી, કેમ્પસ મેનેજર શ્રી રવિભાઈ વ્યાસ દ્વારા શુભેચ્છાઓ તથા અભિનંદન પાઠવવામાં આવેલ. સમગ્ર કેમ્પને સફળ બનાવવા પ્રિન્સિપાલશ્રી ડો. રીટાબેન રાવળ,એનએસએસ પ્રોગ્રામ ઓફિસર પ્રાધ્યાપક જાગૃતીબેન તેરૈયા, એનએસએસ પ્રોગ્રામ ઓફિસર પ્રા.ભગવતીબેન વડીયા પ્રા. સનાબેન લાખાણી એ જહેમત ઉઠાવી હતી. વનડે ટ્રેકિંગ કેમ્પ પ્રિન્સિપાલ શ્રી ડો. રીટાબેન રાવળ ના માર્ગદર્શન હેઠળ યોજાયેલ.

# અમદાવાદ-વિરમગામ સેક્શનમાં બ્લોકને કારણે ભાવનગર રેલ્વે ડિવિઝનમાંથી પસાર થતી કેટલીક ટ્રેનોને અસર થઇ

ભાવનગર,

પશ્ચિમ રેલવેના અમદાવાદ વિરમગામસેક્શનમાંઆવેલાસાબરમતી, સાબરમતી (એફ કેબિન) અનેચાંદલોડિયા (એ) સ્ટેશનો પર ઓટોમેટિક સિગ્નલિંગ સિસ્ટમલગાવવામાટેબ્લોકલેવામાંઆવશે, જેનાકારણેભાવનગરડિવિઝનમાંથીપસાર થતીકેટલીકટ્રેનોનેઅસરથશે. જેનીવિગતો નીચેમુજબછે:આંશિકરીતેરદકરાયેલીટ્રેનો ૧)ગાંધીનગરકેપિટલ-વેરાવળઈન્ટરસિટી એક્સપ્રેસ(૧૯૧૧૯)૦૧.૧૨.૨૦૨૪ અને૦૨.૧૨.૨૦૨૪નારોજ ગાંધીનગર કેપિટલઅનેસુરેન્દ્રનગરવચ્ચેઆંશિકરીતે રદરહેશે. ૨) વેરાવળ-ગાંધીનગર કેપિટલ ઈન્ટરસિટી એક્સપ્રેસ ૩૦.૧૧.૨૦૨૪ અને ૦૧.૧૨.૨૦૨૪ના રોજ સુરેન્દ્રનગરઅનેગાંધીનગરકેપિટલવચ્ચે આંશિકરીતેરદરહેશે.ડાયવર્ટકરેલારૂટપર દોડતીટ્રેનો૧)૦૧.૧૨.૨૦૨૪નારોજ, ગાંધીનગર કેપિટલ-વેરાવળ સુપરફાસ્ટ એક્સપ્રેસ તેના નિર્ધારિત રૂટ વાયા ગાંધીનગર કેપિટલ ચાંદલોડિયા- વિરમગામનેબદલેડાયવર્ટકરેલારૂટવાયા ગાંધીનગરકેપિટલ-મહેસાણા-વિરમગામ થઈને દોડશે. ૨) ૦૧.૧૨.૨૦૨૪ ના રોજ, ભાવનગર ટર્મિનસ - શાહિદ કેપ્ટન તુષાર મહાજન એક્સપ્રેસ તેના નિર્ધારિત રૂટ વિરમગામ-ચાંદલોડિયા-ગાંધીનગર કેપિટલ-મહેસાણા નેબદલે ડાયવર્ટ કરેલા રૂટ વાયા વિરમગામ કટોસણ રોડ મહેસાણા થઈને દોડશે. આ ટ્રેન આંબલી રોડ અને ગાંધીનગર કેપિટલ સ્ટેશન પર રોકાશે નહીં.ટ્રેનોના સ્ટોપેજ, સમય અને કમ્પોઝિશન સંબંધિત વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે. તેમ માશુક અહમદ વરિષ્ઠ મંડલ વાણિજ્ય પ્રબંધક પશ્ચિમ રેલવે, ભાવનગર મંડલ દ્વારા જણાવાયું છે.

### શેલ્બી હોસ્પિટલ્સ દ્વારા જોઈન્ટ રિપ્લેસમેન્ટ માટે

# ભારતની સૌથી મોટી ઓર્થોપેડિક શૈક્ષણિક મીટનું આયોજન - ઓર્થોટ્રેન્ડ્સ ૨૦૨૪

## વિશ્વના ૫૫ ફેકલ્ટીના સભ્યો ૫૫૦થી વધુ ઓર્થો સર્જનો એકત્રિત થયાં



અમદાવાદ,(રાજેશમહેતા) ઓર્થોપેડિક્સઅને જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરીમાં અગ્રણી શેલ્બી હોસ્પિટલ્સ ઓર્થોટ્રેન્ડ્સ ૨૦૨૪નું આયોજન કરી રહી છે, જે ઓર્થોપેડિક પ્રોફેશનલ્સ માટે ભારતનું સૌથી મોટું શૈક્ષણિક કોન્ક્લેવ છે. અમદાવાદમાંઆયોજિતઆપ્રતિષ્ઠિતઈવેન્ટમાં અસંખ્યઆંતરરાષ્ટ્રીયઅનેરાષ્ટ્રીયપ્રતિનિધિઓ સાથેવિશ્વભરમાંથીલગભગ૫૫ફેકલ્ટીસભ્યો અને ૫૫૦ થી વધુ વરિષ્ઠ ઓર્થોપેડિક સર્જનો એકત્રથયાહતા.કોન્ફરન્સમાંઅદ્યતનસર્જિકલ તકનીકોસાથેયુવાનસર્જનોનેસશક્તબનાવવા અનેતેમનીકુશળતાનેવધુઊંડીબનાવવાનોહેતુ રેકોર્ડ કરાયેલ સર્જરીઓ, સિમ્પોઝિયમો અને પેનલ ચર્ચાઓ સહિત શૈક્ષણિક અને વ્યવહારુ જોડાણોની શ્રેણી છે. એક મુખ્ય વિશેષતા એ છે કે હાથથી ચાલતી વર્કશોપ્સ સો હાડકાંનો ઉપયોગ કરે છે, જે સહભાગીઓને અદ્યતન સાધનો અને ટ્રાન્સપ્લાનટેશન સાથે વાસ્તવિક સમયનો અનુભવઆપેછે.ઓર્થોપેડિક્સમાંઝડપીરિકવરી સર્જરીમાટેનીદ્રષ્ટિઈવેન્ટનુંનોંધપાત્રધ્યાનટૂંકા રોકાણ અને ઝડપી રિકવરી સર્જરીમાં વધતી વૈશ્વિકરસછે, ખાસકરીનેયુનાઈટેડ સ્ટેટ્સમાં, જ્યાં ઉન્નત સર્જીકલ પ્રોટોકોલ દર્દીઓને તે જ દિવસે ઘરે પાછા ફરવાની મંજૂરી આપે છે. આ વલણ સાથે સંરેખિત, શેલ્બી હોસ્પિટલ્સ પહેલાથી જ ટોટલ ની રિપ્લેસમેન્ટ સર્જરી માટે હોસ્પિટલમાંરોકાણત્રણઅઠવાડિયાથીઘટાડીને ત્રણદિવસકરીચૂક્યુંછેઅનેહવેભારતમાંદર્દીની સંભાળમાટેએકનવુંધોરણસ્થાપિતકરીનેઝડપી રિકવરીસર્જરીપ્રોટોકોલઅપનાવવામાટેતૈયાર છે.ઓર્થોપેડિકનવીનતાઓમાંપ્રગતિ: કોન્ફરન્સ ઈમ્પ્લાન્ટ ટેક્નોલોજી અને સર્જિકલપ્રેક્ટિસમાં પ્રગતિશીલ નવીનતાઓને પણ સ્પોટલાઈટ કરે છે.વિટામિન ઈ-ઈન્ફ્યુઝ્ડ પોલિઈથિલિન ઈમ્પ્લાન્ટ્સ: આ વિઅર રેટ ઘટાડવા અને ઈમ્પ્લાન્ટની લાંબી આયુષ્ય વધારવા માટે રચાયેલ છે.ટાઈટેનિયમ-મોલિબ્ડેનમ નાઈટ્રાઈડ કોટિંગ્સ: તેઓ એલર્જીક પ્રતિક્રિયાઓને ઘટાડે છે અને વધુ ટકાઉપણું પ્રદાન કરીને વિઅર ઘટાડે છે.નવી હિપ ડિઝાઈન્સ: અદ્યતન અનસિમેન્ટેડ ફિક્સેશન તકનીકો દર્શાવતા, આ પ્રત્યારોપણ ઝડપથી હાડકાના એકીકરણની સુવિધા આપેછે, પુનરાવર્તન દર ઘટાડે છે.સર્જરીમાં રોબોટિક્સ: જેમ જેમ રોબોટિક-સહાયિત સર્જરી ટ્રેક્શન મેળવેછે, આપ્રગતિઓ ઓર્થોપેડિકપ્રક્રિયાઓમાં સુધારેલચોકસાઈ અનેપરિણામોનુંવચનઆપે છે. ‘ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર ડો. વિક્રમ શાહના દૂરંદેશી નેતૃત્વ હેઠળ, શેલ્બીહોસ્પિટલ્સ જોઈન્ટ રિપ્લેસમેન્ટ અને આર્થ્રોપ્લાસ્ટીમાં વૈશ્વિક માપદંડ બની ગઈ છે. અમદાવાદમાં ૧૯૯૪માં છ બેડની સિંગલ-સ્પેશિયાલિટી હોસ્પિટલ તરીકે તેની શરૂઆત થઈ ત્યારથી, શેલ્બી હવે એક વિકસી રહી છે.વિશ્વ વિખ્યાત જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જન, ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર ડો. વિક્રમ આઈ શાહે ‘મોટા સ્તરે સમુદાય માટે માનવ બુદ્ધિ અને ટેક્નોલોજી વડે જીવન સુધારણા ગતિશીલતા પુનઃસ્થાપિત કરવાના મહત્વ પર ભાર મૂક્યો હતો.ઓર્થોટ્રેન્ડ્સ ૨૦૨૪ અને શેલ્બી હોસ્પિટલ્સ વિશે વધુ માહિતી માટે, કૃપા કરીને www.shalby.org ની મુલાકાત લો.

# જાફરાબાદનાં મિતીયાળામાં ખુલ્લા વાહનોમાં અભ્યાસ માટે જતા બાળકોને તત્કાલ સુવિધા આપવા માંગણી

## કંપનીને પત્ર પાઠવી તાત્કાલીક સુવિધા માટે તાકિદ કરતા ધારાસભ્યશ્રી હિરાભાઇ સોલંકી



રાજુલા, (કનુભાઈ વરૂ)અમરેલી જિલ્લાના છેવાડાના તાલુકા એવા જાફરાબાદ મીતીયાળા મુકામે જે બાળકો અભ્યાસ કરી રહ્યા છે તે બાળકો ખુલ્લા વાહનોમાં જઈ રહ્યા છે પરિણામે જાફરાબાદ આવવા જવામાં વિદ્યાર્થીઓને ભારે મુશ્કેલી તેમજ ભય રહેતો હોય આ બાબતે આજે વિદ્યાર્થીઓ ધારાસભ્ય સમક્ષ રૂબરૂ દોડી આવ્યા હતા અને ધારાસભ્ય હીરાભાઈ સોલંકી સમક્ષ રજૂઆત કરી હતી અને યોગ્ય કરવા કાર્યવાહી કરી હિતમાં નિર્ણય લેવા રજૂઆત કરતા ધારાસભ્ય એ આ વિદ્યાર્થીઓને સાંભળ્યા હતા. આ ગામ જીએસસીએલ કંપની દ્વારા દતકલીધેલ હોય અને આ બાળકો ખુલ્લા વાહનો ઉપર જતા હોય તેથી ભવિષ્યમાં અકસ્માત ન સર્જાય તે માટે ધારાસભ્ય હીરાભાઈ સોલંકી દ્વારા તાત્કાલિક આ કંપનીને પત્ર મોકલી અને વિદ્યાર્થીઓને સુવિધાઓ પૂરી પાડવામાં આવે રજૂઆત કરી હતી. તરત જ ધારાસભ્ય આ રીતે વિદ્યાર્થીઓના હિતમાં આગવી સુજબુજ થી તાત્કાલિક કામ લેતા વિદ્યાર્થીઓમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી હતી

## ગીરસોમનાથ પંથકના વિવિધ વર્તમાન

ગીરસોમનાથ બ્યુરો ચીફ સંજય રાઠોડ

# ગીર સોમનાથ જિલ્લામાં તાલુકા અને જિલ્લા કક્ષાનો કલા મહાકુંભ યોજાશે

ગીર સોમનાથ,કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ગાંધીનગર દ્વારા અનેજિલ્લા વહીવટી તંત્રના માર્ગદર્શન હેઠળ તેમજ જિલ્લા યુવા વિકાસ અધિકારી, જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી દ્વારા આ વર્ષે પણ કલા મહાકુંભનું તાલુકા અને જિલ્લા કક્ષાનું આયોજન થશે. જેમાં ઓફલાઈન રજીસ્ટ્રેશન ફોર્મ ભરવાની છેલ્લી તા. ૨૦/૧૨/ ૨૦૨૪ છે. આ વર્ષે કલા મહાકુંભમાં કુલ- ૩૭ વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ અને કુલ ચાર વયજૂથ ૬ થી ૧૪ વર્ષ, ૧૫ થી ૨૦ વર્ષ, ૨૧ થી ૫૯ વર્ષ અને ૬૦ વર્ષથી ઉપરના વયજૂથમાં સ્પર્ધા યોજાશે. જેમાં તાલુકા કક્ષાએથી શરૂ થતી કુલ ૧૪ કૃતિ જેમાં (૧) વકતૃત્વ (૨) નિબંધ લેખન (૩) ચિત્રકલા (૪) ભરતનાટ્યમ (૫) એકપાત્રીય અભિનય (૬) લોકનૃત્ય (૭) રાસ (૮) ગરબા (૯) સુગમ સંગીત (૧૦) લગ્નગીત (૧૧) સમૂહ ગીત (૧૨) લોકગીત / ભજન (૧૩) તબલા (૧૪) હાર્મોનિયમ (હળવુ) તેમજ સીધી જિલ્લા કક્ષાએથી શરૂ થતી કુલ - ૦૯ સ્પર્ધામાં (૧) કાવ્ય લેખન (૨) ગઝલ શાયરી (૩) લોકવાર્તા (૪) દુહા- છંદ ચોપાઈ (૫) સર્જનાત્મક કારીગરી (૬) સ્કુલ બેન્ડ (૭) ઓરગન (૮) કથ્થક (૯) શાસ્ત્રીય કંઠય યોજાશે. સંગીત અને સીધી પ્રદેશકક્ષાએથી શરૂ થતી કુલ - ૦૭ સ્પર્ધાઓમાં (૧) સિતાર (૨) ગિટાર (૩) વાંસળી (૪) કુચિપુડી (૫) ઓડીસી (૬) મોહિની અટ્ટમ (૭) વાયોલીન તેમજ સીધી રાજયકક્ષાએથી શરૂ થતી કુલ - ૦૭ સ્પર્ધાઓમાં (૧) પખવાજ (૨) મૃદંગમ (૩) રાવણ હથ્થો (૪) જોડીયા પાવા (૫) સરોદ (૬) સારંગી (૭) ભવાઈ વગેરે કૃતિઓ યોજાશે. આ સ્પર્ધામાં ભાગ લેવા કલા મહાકુંભની વિગતવાર ફોર્મ નિયમો તેમજ ઈચ્છુ કલાકારોએ નિયત નમુના ફોર્મ ભરી, આધારકાર્ડ તથા બેંક પાસબુકની નકલ સાથે જોડી જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, જિલ્લાસેવા સદન, રૂમ નં. ૩૧૩- ૩૧૪, બીજો માળ, મુ.ઈણાજ, તા.વેરાવળ ખાતે કચેરીના કામકાજના દિવસો દરમિયાન તથા કચેરી સમય દરમિયાન પહોચાડવાનું રહેશે.

## મહુવા પંથકનાં વિવિધ વર્તમાન

મહુવા બ્યુરો ચીફ નિતેશ ગૌસ્વામી

# મહુવામાં જિલ્લા કલેક્ટર કચેરીના ચિટનીસ શ્રી મેર પરિવારમાં લગ્નોત્સવ યોજાયો

## ધારાસભ્યશ્રી શિવાભાઇ ગોહિલ, પાલિકા ચેરમેન શ્રી બાંભણીયા સહિતની ઉપસ્થિતિ



મહુવા,

મહુવા મા મોઘેરા લગ્ન મા મોઘેરા મહેમાનો ભાવનગર જિલ્લાના જીલ્લા કલેક્ટર શ્રી તરીકે ફરજ બજાવતા સિટનીટ મેરના લગ્ન પ્રસંગે વિવિધ પ્રકારના હોદ્દેદારો તેમજ જીલ્લા ના અધિકારીશ્રી ઉપસ્થિત રહ્યા હતા.આ લગ્નપ્રસંગેમહુવાતાલુકાનાલોકલાડીલા ધારાસભ્ય શ્રી:શિવાભાઈ ગોહિલ. મહુવા નગરપાલિકા ના ચેરમેન શ્રી ભરતભાઈ બાંભણીયા, બિપીનભાઈ સંઘવી,જયપાલસિહ વાળા, જયંતિભાઈ બાંભણીયા, મેહુલભાઈ ઢાપા,એલબી.ભુત તેમજ અન્ય સભ્યો આ લગ્ન મા ઉપસ્થિત રહ્યા હતા.

## જુનાગઢ પંથકનાં વિવિધ વર્તમાન

જુનાગઢ બ્યુરો ચીફ હિતેષ પારેખ

# જુનાગઢ જિલ્લા ભાજપ મહિલા મોરચા દ્વારા સભ્ય નોંધણી



ગુજરાતપ્રદેશ ભાજપની સુચના મુજબ જુનાગઢ જિલ્લા ભાજપ મહિલા મોરચા દ્વારા સક્રિય સભ્યોનાં ફોર્મ ભરવામાં આવ્યાં હતાં તે વેળાએ જિલ્લા ભાજપ મહિલા મોરચાની બહેનો તસવીરમાં નજરે પડે છે.

## કચ્છ-ભુજ પંથકનાં વિવિધ વર્તમાન

કચ્છ બ્યુરો ચીફ જયશ્રી મહેતા

### ડાયાબિટીસ મુકત ગુજરાત અભિયાન અતંર્ગત

# ભુજમાં યોગવર્ગનું આયોજન કરાયું

ભુજ,ભુજ ખાતે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ અને આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત રાજ્યના સંયુક્ત ઉપક્રમે યોગ દ્વારા ‘ડાયાબિટીસ મુક્ત ગુજરાત’ અભિયાન અંતર્ગત યોગવર્ગનું આયોજન કરવામાં આવ્યું હતું.યોગ બોર્ડના પશ્ચિમ કચ્છ જિલ્લાના કોઓર્ડિનેટરશ્રી સંતરામજીના નેતૃત્વમાં યોજાયેલા યોગવર્ગમાં ડો.કુણાલ ઠક્કર દ્વારા ડાયાબિટીસથી બચવા શું કરી શકાય, રોગ થયા બાદ જરૂરી તકેદારી સહિતના મુદ્દે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી જ્યોતિબેન ઠાકુરે પોતાના વક્તવ્યમાં વ્યક્તિગત દિનચર્યા સાથે યોગ કરવા પર ખાસ ભાર મૂક્યો હતો.આ સમગ્ર યોગવર્ગ દરમિયાન જિલ્લા આયુર્વેદિક શાખાના ડો. પવનભાઈ મકરાણી, ડો.આલાપ અંતાણી દ્વારા રોગોથી બચવા શું કરી શકાય તે અંગે સમજ આપવામાં આવી હતી તેમજ યોગકોચ દ્વારા આનુસંગિક માહિતી શિબિરાર્થીઓને આપવામાં આવી હતી. યોગ બોર્ડના ચેરમેનશ્રી શીશપાલ જી, સ્ટેટ કોઓર્ડિનેટરશ્રી અનિલભાઈ ત્રિવેદી, ઝોન કોઓર્ડિનેટરશ્રી વિજયકુમાર શેઠ અને સોશિયલ મીડિયાની ટીમ દ્વારા યોગવર્ગની ખાસ મુલાકાત લેવા આવી હતી. યોગવર્ગમાં સરકારી આયુર્વેદિક હોસ્પિટલના સહયોગથી આયુર્વેદિક કાઢાની વ્યવસ્થા કરવામાં આવી હતી. જિલ્લા પંચાયતની આરોગ્ય શાખા દ્વારા ડાયાબિટીસના ટેસ્ટ કરવામાં આવ્યા હતા. કબીર મંદિરના શ્રી કિશોરદાસજી અને બિલેશ્વર મહાદેવ મંદિરના ટ્રસ્ટીશ્રીઓ દ્વારા સહયોગ પ્રાપ્ત થયો હતો. આ વર્ગમાં વિવિધસંસ્થા અને સમિતિના હોદ્દેદારોએ ઉપસ્થિત રહી આ અભિયાનને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

